અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ જાન્યુઆરી ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૮ | અંક : ૧૮૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




### નક્સલવાદીઓએ કુટરૂ માર્ગમાં સુરક્ષાદળના વાહનને ટાર્ગેટ બનાવ્યો

# છત્તીસગઢમાં નક્સલોના IED બ્લાસ્ટમાં નવ જવાનો શહીદ

### સુરક્ષાદળો નક્સલ પ્રભાવિત વિસ્તારો દંતેવાડા, નારાયણપુર અને બીજાપુરમાં નક્સલીઓ વિરૂદ્ધ ઓપરેશન પતાવી પરત ફરી રહ્યા હતા ત્યારે બ્લાસ્ટ થયો

। (એજન્સી) બીજાપુર, તા.૬ ।

છત્તીસગઢના બીજાપુરમાં નક્સલવાદીઓએ મોટો હુમલો કર્યો છે. જેમાં આઈઈડી બ્લાસ્ટમાં નવ જવાનો શહીદ થયા છે. જ્યારે અન્ય આઠ ગંભીર રૂપે ઈજાગ્રસ્ત છે. નક્સલવાદીઓએ કુટરૂ માર્ગમાં સુરક્ષાદળના વાહનને ટાર્ગેટ બનાવ્યો હતો. સુરક્ષાદળો નક્સલ પ્રભાવિત વિસ્તારો દંતેવાડા, નારાયણપુર અને બીજાપુરમાં નક્સલીઓ વિરૂદ્ધ ઓપરેશન પતાવી પરત ફરી રહ્યા હતા. બપોરે ૨.૧૫ વાગ્યે કુટરૂ પોલીસ સ્ટેશનના અંબેલી ગામ નજીક નક્સલીઓએ IED બ્લાસ્ટ કરી સુરક્ષાદળનું વાહન ઉડાવી દીધુ હતું. IG બસ્તર અનુસાર, નક્સલવાદીઓએ બીજાપુરમાં આઈઈડી બ્લાસ્ટમાં આઠ ડીઆરજી જવાન અને એક ડ્રાઈવર સહિત નવ જવાન શહીદ થયા છે. છત્તીસગઢ વિધાનસભા અધ્યક્ષ રમન સિંહે બીજાપુર IED બ્લાસ્ટ મુદ્દે નિવેદન આપ્યું છે કે, 'જ્યારે-જ્યારે નક્સલીઓ વિરૂદ્ધ મોટા ઓપરેશન હાથ ધરાય છે, ત્યારે આ નક્સ્લીઓ આ પ્રકારની કાયરતાભર્યું અને પીઠ પાછળ હુમલો કરતાં હોય છે. નક્સલવાદ વિરૂદ્ધ છત્તીસગઢ સરકાર જે પગલાં ઉઠાવી રહ્યા છે. તેને હવે વેગવાન બનાવાશે. સરકાર ડરશે કે ઝુકશે નહીં. તેમની વિરૂદ્ધ આકરી કાર્યવાહી ચાલુ રાખશે.' છત્તીસગઢના નાયબ



મુખ્યમંત્રી અરૂણ સાવે આઈઈડી બ્લાસ્ટને વખોડતાં જવાનોની શહાદત નિષ્ફળ નહીં જાય તેનું વચન આપ તાં કઠોર પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ સુરક્ષા દળોની શહાદત પર શોક વ્યક્ત કર્યો હતો. છત્તીસગઢમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી અથડામણ ચાલી રહી છે. ગઈકાલે અબૂઝમાડ ક્ષેત્રમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર નક્સલવાદી ઠાર કરાયા હતા. તેમના મૃતદેહનો કબજો પણ સુરક્ષા દળોએ લઈ લીધો હતો. આ અથડામણમાં સુરક્ષા દળોએ એકે-૪૭ અને એસએલઆર સહિત ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા હતાં. ૨૬ એપ્રિલ, ૨૦૨૩માં દંતેવાડા જિલ્લામાં સુરક્ષા દળોને લઈ જતાં વાહનને નક્સલવાદીઓએ બોમ્બથી ઉડાવી દેતાં દસ પોલીસ કર્મી અને ડ્રાઈવર શહીદ થયા હતા.

આઈજી બસ્તર આ સમગ્ર મામલાની દેખરેખ રાખી રહ્યા છે અને પોલીસ કોઓર્ડિનેશનના વોર રૂમમાં હાજર છે. નક્સલ ઓપરેશનના છઙ્ગ્ વિવેકાનંદ સિન્હાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, સૈનિકો પરત ફરી રહ્યા હતા ત્યારે જ IED બ્લાસ્ટ થયો હતો. આ હુમલાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. સુરક્ષા દળો દ્વારા વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે અને નક્સલીઓને પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નક્સલવાદીઓએ અહીં પહેલાથી જ લેન્ડમાઈન બિછાવી હતી, જેવો જ સૈનિકોનું વાહન આ લેન્ડમાઈનની અસરમાં આવ્યું કે તરત જ નક્સલવાદીઓએ તેને બ્લાસ્ટ કરી દીધો.

પોલીસ અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, વાહનમાં ૧૫થી વધુ સૈનિકો હતા જેઓ નક્સલ વિરોધી અભિયાનમાંથી કેમ્પ તરફ પાછા ફરી રહ્યા હતા. નક્સલવાદીઓએ પહેલા જ સૈનિકોને નિશાન બનાવવા માટે લેન્ડમાઈન બિછાવી હતી, જેના કારણે ૭ જવાનો શહીદ થયા હતા. હાલ ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ અને સૈનિકોની ટીમ મોકલવામાં આવી છે.

## ચીનમાં વકરી રહેલા HMP વાયરસનો ભારતમાં પગપેસારો

### દહેશત મચાવી ચૂકેલી મહામારી કોવિડ ૧૯ બાદ હવે HMPV નામનો નવો વાયરસ દહેશત મચાવી રહ્યો છે

। (એજન્સી) બેંગલુરુ, તા.૬ ।

દુનિયાભરમાં દહેશત મચાવી ચૂકેલી મહામારી કોવિડ ૧૯ બાદ હવે HMPV નામનો નવો વાયરસ દહેશત મચાવી રહ્યો છે જેણે હાલમાં જ ચીનમાં દસ્તક આપી. હવે ભારતમાં પણ આ બીમારીએ પગપેસારો કરી લીધો છે. એક જ દિવસમાં બે કેસ સામે આવતા ચિંતા પ્રસરી છે. ૮ મહિનાની બાળકી અને ૩ માસનું બાળક આ વાયરસની ઝપેટમાં આવ્યા હોવાનું કહેવાય છે.

દક્ષિણ ભારતીય રાજ્ય કર્ણાટકના પાટનગર બેંગ્લુરુની એક હોસ્પિટલમાં આઠ મહિનાની બાળકીમાં HMP વાયરસ મળી આવ્યો છે. સ્વાસ્થ્ય વિભાગનું કહેવું છે કે અમે અમારી લેબમાં તેનો ટેસ્ટ કર્યો નથી. એક ખાનગી હોસ્પિટલમાં તેના કેસ અંગે રિપોર્ટ આવ્યો છે. ખાનગી હોસ્પિટલના આ રિપોર્ટ પર શંકા કરવાનું કોઈ કારણ જણાતું નથી. અત્રે જણાવવાનું કે HMP વાયરસ સામાન્ય રીતે બાળકોમાં જ ડિટેક્ટ થાય છે. તમામ ફ્લૂ સેમ્પલોમાંથી ૦.૭ ટકા HMPV ના હોય છે. આ વાયરસનું સ્ટ્રેન કયો છે તે હજુ જાણી શકાયું નથી.

આ વાયરસને હ્યુમન મેટાન્યૂમોવાયરસ કે એચએમપીવી (HMPV) વાયરસ કહે છે. જેના લક્ષણો સામાન્ય રીતે શરદી-ઉધરસ જેવા હોય છે. સામાન્ય કેસોમાં તે ઉધરસ, નાક ગળવું કે ગળામાં ખારાશના લક્ષણો જોવા મળે છે. નાના બાળકો અને વૃદ્ધોમાં HMPV નું સંક્રમણ ગંભીર બની શકે છે. નબળી ઈમ્યુન સિસ્ટમવાળા લોકોમાં આ વાયરસ ગંભીર બીમારીનું કારણ બની શકે છે. એવું કહેવાય છે કે આ વાયરસમાં સંક્રમિત દર્દીઓમાં શ્વાસ લેવાની મુશ્કેલી અને ફ્લૂ જેવા લક્ષણો દેખાય છે. હવે દિલ્હીના મેડિકલ ઓફિસર્સે વાયરસ સંલગ્ન પડકારોને પહોંચી વળવા માટે એડવાઈઝરી બહાર પાડી છે. હોસ્પિટલનો નિર્દેશ અપાયા છે કે ઈન્ફ્લૂએન્ઝા જેવી બીમારીઓના કેસો અંગે તરત IHIP પોર્ટલ દ્વારા જાણકારી આપવી. શંકાસ્પદ કેસો માટે કડક આઈસોલેશન પ્રોટોકોલ અને સાવધાની વર્તવાની કહેવાયું છે. હોસ્પિટલોને નિર્દેશ અપ ાયા છે કે સટીક નિગરાણી સુનિશ્ચિત કરવા માટે SARI કેસો અને લેબ તરફથી પુષ્ટ કરાયેલા ઈન્ફ્લૂએન્ઝાના કેસોનું યોગ્ય ડોક્યુમેન્ટેશન જાળવી રાખવું જરૂરી છે. તેમને ઓક્સીજનની સાથે સાથે હળવા લક્ષણોવાળા કેસોની સારવાર માટે પેરાસિટામોલ, એ ન્ટી હિ સ્ટા મા ઈ ન, બ્રોક્રોડાયલેટર્સ અને કફ સિરપની ઉપલબ્ધતા જાળવી રાખવાના નિર્દેશ અપાયા છે.

### ન્યૂઝ બ્રિફ

#### ભૂખ હડતાળ પર ઉતરેલા પ્રશાંત કિશોરની પોલીસે બળજબરીથી અટકાયત કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

પ્રશાંત કિશોર BPSCની ૭૦મી પ્રિલિમિનરી પરીક્ષા રદ કરવાની માગ સાથે પટનાના ગાંધી મેદાનમાં ગાંધી પ્રતિમા નીચે પ્રશાંત કિશોર આમરણાંત ઉપવાસ કરી રહ્યા હતા. આજે વહેલી સવારે ૪ વાગ્યે પોલીસ આવી અને પ્રશાંત કિશોરની બળજબરીથી અટકાયત કરી લઈ ગઈ હતી. જન સૂરજ પાર્ટીનાના લોકોનો આરોપ છે કે, આ દરમિયાન પોલીસે પ્રશાંત કિશોરને લાફો પણ માર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, પોલીસ પ્રશાંત કિશોરને પટના એઈમ્સમાં લઈ ગઈ છે, જ્યાં તેનું હેલ્થ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે. જો કે, પ્રશાંત કિશોરે કોઈપણ પ્રકારની સારવારનો ઈન્કાર કર્યો છે અને તેમના ઉપવાસ ચાલુ રાખ્યા છે.

## જસ્ટિન ટ્રુડો ટૂંક સમયમાં પીએમ પદેથી રાજીનામું આપશે!

### અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા બાદથી તેમના પર દબાણ વધી ગયું છે

। (એજન્સી) ઓટાવા, તા.૬ ।

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ એક મોટી જાહેરાત કરતાં કહ્યું છે કે તે જલદી જ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી શકે છે. એક અહેવાલ અનુસાર નેશનલ કોકસની બુધવારે યોજાનાર બેઠકર પહેલાં ટ્રુડો લિબરલ પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપી દેશે. ટ્રુડો પર દબાણ ક્યારે વધ્યું? ભારત વિરોધી વલણ અપનાવનારા ટ્રુડો હવે દેશમાં જ ઘેરાતા જઈ રહ્યા છે. ટ્રુડો પર તેમની પાર્ટીના સાંસદો તરફથી રાજીનામું આપી દેવા માટે મહિનાઓથી દબાણ કરવામાં આવી રહ્યું હતું. આ દબાણ ત્યારે વધી ગયું જ્યારે તેમના નાણામંત્રી ક્રિસ્ટિયા ફ્રિલેન્ડએ ૧૬ ડિસેમ્બરે એમ કહેતા પદ છોડ્યું કે નીતિગત મુદ્દાઓ પર મારા અને વડાપ્રધાન વચ્ચે મતભેદ છે. એક અહેવાલમાં જણાવાયું



હતું કે ટ્રુડોનું રાજીનામું બુધવારે યોજાનારી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલા આવશે. એક સ્ત્રોતે જણાવ્યું કે કેનેડિયન પીએમને લાગે છે કે તેમણે નેશનલ કોકસની બેઠક પહેલાં જાહેરાત કરવાની જરૂર છે જેથી એવું ન લાગે કે તેમને પાર્ટીના સાંસદો દ્વારા હાંકી કાઢવામાં આવ્યા છે. નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ વડાપ્રધાન પદ પર ચાલુ રહેશે કે કેમ તે અંગે પણ કોઈ સ્પષ્ટતા નથી.લિબરલ પાર્ટી પાસે હાલમાં કેનેડાની સંસદ હાઉસ ઓફ કોમન્સમાં ૧૫૩ સાંસદો છે. કેનેડિયન હાઉસ ઓફ કોમન્સમાં ૩૩૮ સીટો છે. તેમાં બહુમતનો આંકડો ૧૭૦ છે. થોડા મહિનાઓ પહેલા ટ્રુડો સરકારના સહયોગી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP)એ પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું હતું. NDP એ ખાલિસ્તાની તરફી કેનેડિયન શીખ સાંસદ જગમીત સિંહની પાર્ટી છે.ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા બાદથી તેમના પર દબાણ વધી ગયું છે. ટ્રમ્પ સતત તેમને નિશાને લઈ રહ્યા છે. ઈલોન મસ્કે પણ ટ્રમ્પની જીત બાદ કહ્યું હતું કે હવે ટ્રુડોના સત્તામાં ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે.

#### નારાજ રાજ્યપાલે અભિભાષણ આપ્યા વિના કર્યું વોકઆઉટ

। ચેન્નાઈ, તા.૬ ।

તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિ વિધાનસભા સત્ર દરમિયાન રાષ્ટ્રગીતના કથિત અપમાનને લઈને ગુસ્સે થઈ ગયા હતા અને વિધાનસભા સત્રને સંબોધ્યા વિના જ ગૃહમાંથી નીકળી ગયા. તમિલનાડુ વિધાનસભાનું વર્ષ ૨૦૨૫નું પ્રથમ વિધાનસભા સત્ર આજથી શરૂ થયું છે. નિયમો અનુસાર વિધાનસભા સત્રની શરૂઆત રાજ્યપાલ આરએન રવિના સંબોધનથી થવાની હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિધાનસભા સત્રની શરૂઆતમાં તમિલનાડુ સરકારનું રાજ્યગીત 'તમિલ થાઈ વઝથુ' ગાવામાં આવ્યું હતું.

### WHOનું મૌન, શું ફરી આવશે મહામારી?

## હવે મલેશિયા અને હોંગકોંગમાં ફેલાઇ રહ્યો છે HMPV વાયરસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

COVID-19 મહામારીના લગભગ પાંચ વર્ષ પછી, ચીન એક નવા સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહ્યું છે. ચીનમાં માનવ મેટાપ્યુમોવાયરસ (HMPV) વાયરસના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે અન્ય દેશોમાં પણ HMPV વાયરસના કેસ દેખાવા લાગ્યા છે. જોકે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ ચીનમાં ફેલાતા વાયરસના ચેપ પર મૌન જાળવી રાખ્યું છે. સંગઠને હજુ સુધી આ વાયરસ વિશે સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી. આ દરમિયાન ચીનના પડોશી દેશોએ તેમના નાગરિકોને સાવચેત રહેવા જણાવ્યું છે. મલેશિયામાં HMPV વાયરસના કેસોને પગલે સરકારે એડવાઈઝરી જારી કરી છે. મલેશિયાના આરોગ્ય મંત્રાલયે લોકોને વારંવાર સાબુથી હાથ ધોવા, ફેસ માસ્ક પહેરવા અને ખાંસી કે છીંક આવે ત્યારે મોં અને નાક ઢાંકવા સહિતના નિવારક પગલાં લેવા વિનંતી કરી છે, એમ સ્ટ્રેટ્સ ટાઈમ્સે અહેવાલ આપ્યો છે. મંત્રાલયે કહ્યું, લોકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે અને અન્ય લોકોને ચેપથી બચાવે, ખાસ કરીને બંધ અને ભીડવાળા વિસ્તારોમાં આમાં એવા લોકોનો પણ સમાવેશ થાય છે.

## સીએમ આતિશીની ધરપકડ કરવાની તૈયારીમાં છે કેન્દ્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણીને લઈને રાજકીય પક્ષો જોર-શોરથી તૈયારી કરી રહ્યા છે. વરિષ્ઠ નેતાઓમાં આરોપ-પ્રત્યારોપ નો દોર ચાલી રહ્યો છે. આ વચ્ચે હવે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સીએમ આતિશી અને પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને લઈને મોટો દાવો કર્યો છે અને ભાજપ પર નિશાન સાધ્યું છે. દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે મેં થોડા દિવસો પહેલા કહ્યું હતું કે દિલ્હીના સીએમ આતિશીની ધરપકડ કરવામાં આવશે અને આમ આદમી પાર્ટીના કેટલાક નેતાઓને ત્યાં દરોડા પાડવામાં આવશે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગામી કેટલાક દિવસોમાં દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના ઘરે ઞ્ભ્નીના દરોડા પડશે. ભારતીય જનતા પાર્ટી દિલ્હી વિધાનસભા ચૂંટણી હારી રહી છે. આ ધરપકડો અને દરોડા તેમના ડરનું પરિણામ છે.

## કેરળઃ મુસાફરોથી ભરેલી બસ 30 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી

। (એજન્સી) ઈડુક્કી, તા.૬ ।

કેરળના ઈડુક્કી જિલ્લાના મુંડક્કયમમાં KSRTC ની એક બસની સાથે દુર્ઘટના ઘટી. મુસાફરોથી ભરેલી બસ ખીણમાં પડી જવાથી ચાર મુસાફરોના મોત નીપજ્યા અને ઘણા અન્ય ઈજાગ્રસ્ત થઈ ગયા. ઘટનાનો શિકાર થયેલી બસમાં ૩૪ મુસાફર અને ત્રણ કર્મચારી સવાર હતા. તમામ મુસાફર મવેલિક્કારા વિસ્તારના રહેવાસી હતા. KSRTCની બસ તમિલનાડુના તંજાવુરમાં ટૂર લઈને મવેલિકરા પરત ફરી રહી હતી. આ દુર્ઘટના આજે એટલે કે સોમવારે સવારે લગભગ ૦૬.૧૫ વાગે થઈ. જાણકારી અનુસાર બસે એક વળાંક પર નિયંત્રણ ગુમાવી દીધું અને ૩૦ ફૂટ ઊંડી ખીણમાં જઈ પડી. દુર્ઘટના બાદ ઘટના સ્થળે રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવ્યું. પોલીસે જણાવ્યું, 'સોમવારે સવારે પહાડી જિલ્લામાં પુલ્લુપારા નજીક એક સરકારી બસ ખીણમાં પડી જવાથી એક મહિલા સહિત ત્રણ લોકોના મોત નીપજ્યા અને ઘણા અન્ય ઈજાગ્રસ્ત થઈ ગયા. બસ ૩૪ મુસાફરોને લઈને તમિલનાડુના તંજાવુરની યાત્રા બાદ અલપ્પુઝા જિલ્લાના માવેલિકરા ફરી રહી હતી.

## અનાજ કોઈ ફેક્ટરીમાં બનતું નથી, ખેડૂતો ઉત્પાદિત કરે છે માટે વડાપ્રધાને ખેડૂતલક્ષી યોજનાઓ બનાવી છે : સાંસદ પરભુભાઈ વસાવા





। સુરત, તા.૬ ।

આત્મા પ્રોજેક્ટ, તાપી દ્વારા વ્યારા તાલુકાના અણુમાલા ટાઉનશીપ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ તેમજ પ્રદર્શન યોજાયું હતું. આ પરિસંવાદ સમારંભમાં અધ્યક્ષ તરીકે બારડોલી મતવિસ્તારના સાંસદ શ્રી પ્રભુ ભાઈ વસાવા પધાર્યા હતા. પ્રાકૃતિક કૃષિ થકી દેશના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ ઉન્નત બને તથા દેશનો પ્રત્યેક નાગરિક સ્વસ્થ અને તંદુરસ્ત બને તેના માટે રાજ્ય સરકાર દ્વારા આ પ્રાકૃતિક પરિસંવાદ આયોજિત કરવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે અને ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આહવાન કરેલ છે જેના અનુસંધાને તાપી જિલ્લાના ખેડૂતોમાં પણ પ્રાકૃતિક કૃષિ અંગે વ્યાપક જાગૃતતા લાવવા આવા સેમીનાર યોજી ખેડૂતોને માહિતગાર કરવામાં આવે છે. આ પરિસંવાદમાં ૨૫ જેટલા ખેડૂતો અને ખેડૂત સંચાલિત મંડળીઓના સ્ટોલ મુકવામાં આવ્યા હતા. આ સ્ટોલનું ઉદઘાટન શ્રી પ્રભુભાઈ વસાવા તેમજ અન્ય મહાનુભાવોએ રીબીન કાપી કર્યું હતું. આ નિમિતે સાંસદ શ્રી પ્રભુભાઈએ જણાવ્યું હતું કે આનાજ એ માનવ જીવન સાથે જોડાયેલ બાબત છે. માણસને પાણી અને અનાજ વગર ચાલતું નથી, આ જરૂરિયાત આપણો ખેડૂત પૂરી કરે છે. આ અનાજ કોઈ ફેક્ટરીમાં નથી બનતું. આપણા પ્રધાનમંત્રીશ્રીએ ખેડૂતો માટે કિસાન સન્માન નિધિ યોજના રજુ કરીને ખેડૂતોની વહારે આવ્યા છે. આ કિસાન સન્માન નિધિમાં આપણા જીલ્લામાં ૫૪ કરોડના લાભો આપવામાં આવ્યા છે. આપણા જીલ્લાના ૯૦ હજાર ખેડૂત મિત્રો બેંક સાથે જોડાયેલા છે. વધુમાં સાંસદશ્રીએ ઉમેર્યુ હતુ કે, તાપી જીલ્લામાં આત્મા પ્રોજેક્ટ અંતર્ગત યોજનાઓમાં ૨૭ હજાર જેટલા ખેડૂતો જોડાયેલા છે જેમના ૯૦ ટકા મહિલા ખેડૂત સભ્યો છે. આજે આ પરિસંવાદમાં પણ બહેનોની વિશેષ ઉપસ્થિતિ છે આપણા જીલ્લામાં ખેતી, પશુપાલન અને હવે તો નોકરી પણ બહેનો કરે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે અતિ પછાત કોટવાડીયા સમાજને પણ ખેતી આધારિત કિસાન સન્માન નિધિ દ્વારા ૨ કરોડ જેટલી મોટી રકમની સહાય સરકારશ્રી દ્વારા આપવામાં આવી છે. આ પરિસંવાદમાં કૃષિ વૈજ્ઞાનિકોના પ્રવચનો ખેડૂત માટે આયોજિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણી અને શ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી. એન. શાહ તેમજ સફળ ખેડૂતોએ પોતાનું વક્તવ્ય આપ્યું હતું. લીડ બેંક મેનેજરશ્રી જેઠવાએ ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડ તેમજ ખેડૂતોએ સાયબર ક્રાઈમથી કેમ બચવું તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રકૃતિક કૃષિ પરીસંવાદ માં એન.પી.સી.આઈ. એલના સાઈટ ડાયરેક્ટર શ્રી એસ.કે માલવિયા, આત્માના ડાયરેક્ટર શ્રી એ.કે પટેલ, ખેતીવાડી અધિકારીશ્રી ચેતન ગરાસિયા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારી તેમજ પરિસંવાદમાં મોટી સંખ્યામાં મહિલા ખેડૂતો જોડાયા હતા.






મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં BISનો ૭૮ મો સ્થાપના દિવસ ઉજવાયો. BIS એ શાળાના બાળકો માટે સ્ટાન્ડર્ડ્સ અંગેની ક્વિઝનું આયોજન કર્યું હતું, જેમાં વિજેતા થયેલ શાળાના બાળકોને સન્માનિત કરીને અભિનંદન પાઠવ્યા.

## રાજ્યમાં હાલ HMP વાયરસનો કોઈ કેસ નથી

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

ગુજરાતીઓ માટે હાલ રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. હાલમાં ગુજરાત રાજ્યનો હ્યુમન મેટાપ્યુમોવાયરસ (HMPV)નો કોઈ કેસ નોંધાયેલ નથી. અમદાવાદની પ્રાઈવેટ હોસ્પિટલમાં જે બાળકની સારવાર ચાલી રહી છે તે જિલ્લા ડુંગરપુર, રાજસ્થાનનુ છે. જેની હાલ સારવાર ચાલુ છે. રાજ્ય સરકારે માહિતી આપતા જણાવ્યુ છે કે, મેટાપ્યુમોવાયરસ (HMPV) અન્ય શ્વસન વાયરસ જેવો જ વાયરસ છે. જે શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધ વયના લોકોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફ્લુનો સમાવેશ થાય છે. આરોગ્ય વિભાગે રાજ્યમાં હાલમાં શ્વસનને લગતા ચેપી રોગોની માહિતી વિશ્લેષિત કરી છે. અગાઉના માસની સાપેક્ષમાં ડિસેમ્બર ૨૦૨૪માં કોઈ નોંધપાત્ર વધારો થયેલ નથી. આ સાથે સરકારે એમ પણ જણાવ્યુ છે કે, અમદાવાદ નગરપાલિકા વિસ્તારમાં આવેલ પ્રાઈવેટ હોસ્પિટલમા જિલ્લા ડુંગરપુર, રાજસ્થાનનુ એક દર્દી દાખલ છે અને સારવાર ચાલુ છે.

### ૧૩ ફેબ્રુઆરીના રોજ ઈન્ટરવ્યૂ પૂર્ણ થશે

## રાજ્યની ૫૫ સ્કૂલોમાં આચાર્ય બનવા એક પણ ઉમેદવારે પસંદગી જ ન આપી

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી માટે હાલમાં ઈન્ટરવ્યૂની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં રાજ્યની ૫૫ જેટલી શાળામાં આચાર્ય થવા માટે એક પણ ઉમેદવારે પસંદગી જ આપી ન હોવાનું સામે આવ્યું છે. આમ, ઉમેદવારોએ પસંદગી જ આપી ન હોવાથી બીજી વખતની ભરતી પછી પણ આ સ્કૂલોને કાયમી આચાર્ય મળશે નહીં. શિક્ષકમાંથી આચાર્ય બનવામાં કોઈ જ ફાયદો થતો ન હોવાના પગલે આચાર્ય બનવા જોઈએ તેટલા ઉમેદવારો તૈયાર થયા નથી. મોટાભાગે વતનનો લાભ લેવા જ આચાર્ય બનવા પર પસંદગી ઉતારવામાં આવતી હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની અંદાજે ૯૦૦ જેટલી જગ્યાની ભરતી માટે શુક્રવારથી ઈન્ટરવ્યૂ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આચાર્યના ઈન્ટરવ્યૂ એક માસ કરતા પણ વધુ સમય સુધી ચાલશે અને છેલ્લે ૧૩ ફેબ્રુઆરીના રોજ ઈન્ટરવ્યૂ પૂર્ણ થશે. આચાર્યની ભરતીના ફાઈનલ મેરિટમાં કુલ ૧૧૨૯ ઉમેદવારોનો સમાવેશ કરાયો હતો. મેરિટમાં સમવિષ્ટ ઉમેદવારોને ૭ ડિસેમ્બર સુધી શાળા પસંદગી કરવાની તક આપવામાં આવી હતી, જેમાં એક ઉમેદવારને મહત્તમ ૭ જેટલી સ્કૂલોની પસંદગી કરવા માટે જણાવાયું હતું. આમ, શાળા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શુક્રવારથી ભરતી માટે ઈન્ટરવ્યૂની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શાળા પસંદગીની પ્રક્રિયા દરમિયાન ૧૧૨૯ ઉમેદવારો પૈકી રાજ્યની ૫૫ સ્કૂલોમાં આચાર્ય બનવા માટે એક પણ ઉમેદવાર દ્વારા પસંદગી આપવામાં આવી ન હોવાનું જાણવા મળે છે. આમ, ઉમેદવારોએ આ ૫૫ સ્કૂલો પર પસંદગી જ ઉતારી ન હોવાની વિગતો સામે આવી છે. જેથી ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા તે પહેલા જ રાજ્યની આ ૫૫ સ્કૂલોમાં ઉમેદવારોની પસંદગીના અભાવે આચાર્યની જગ્યા ખાલી પડી છે. જે શાળામાં આચાર્યની જગ્યા ખાલી પડી છે તેમાં અમરેલી જિલ્લાની ૮, અરવલ્લીની ૧, ભરૂચની ૧, ભાવનગરની ૧, બોટાદની ૧, છોટા ઉદેપુરની ૩, દેવભુમિ દ્વારકાની ૨, દાહોદની ૮, જૂનાગઢની ૬, કચ્છની ૩, ખેડાની ૧, મહિસાગરની ૩, મોરબીની ૧, નર્મદાની ૧, પંચમહાલની ૧, પાટણની ૨, પોરબંદરની ૪, રાજકોટની ૪, સાબરકાંઠાની ૨ અને સુરેન્દ્રનગરની ૨ સ્કૂલને આચાર્ય માટે ઉમેદવાર જ મળ્યો ન હોવાનું જાણવા મળે છે.

## જી.એલ.એસ યુનિવર્સિટી ખાતે માર્ગ સલામતી અને સુરક્ષા સંબંધિત સેમિનારનું આયોજન કરાયું



। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત જી.એલ.એસ યુનિવર્સિટી ખાતે માર્ગ સલામતી અને સુરક્ષા સંબંધિત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી જે.જે પટેલ (એડિશનલ કલેક્ટર આર.ટી.ઓ), શ્રી અમિત ખત્રી (રોડ સેફટી મેમ્બર, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા- ગુજરાત), શ્રી સી.આઈ મેહરા (ઈન્સ્પેક્ટર આર.ટી.ઓ અને રોડ સેફટી નોડલ ઑફિસર), ડી.સી.પી શ્રી નીતા દેસાઈ, પોલીસ ઈન્સ્પેક્ટર, ટ્રાફિક બી ડિવિઝન, એલિસબ્રિજ, અમદાવાદ અને એ.સી.પી શ્રી સહિતના મહાનુભાવોએ વિદ્યાર્થીઓને રોડ સુરક્ષા અને સલામતી અંગે માહિતગાર કર્યા હતા. શ્રી અમિત ખત્રીએ ટ્રાફિક સલામતી સંબંધિત મુદ્દાઓને આવરી લઈને યુથને ટ્રાફિકના સુચારુ સંચાલનમાં સહયોગ કરવા અનુરોધ કર્યો હતો. શ્રી જે.જે પટેલે ટ્રાફિક ફેટાલિટીસની આંકડાકીય માહિતી પૂરી પાડીને માર્ગ અકસ્માતોથી બચવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. શ્રી નીતા દેસાઈએ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોને સ્વજીવનનો ભાગ બનાવવા અપીલ કરી હતી. જી.એલ.એસ યુનિવર્સીટીના સ્ટુડન્ટ્સ વેલફેરના ડીન શ્રી અશ્વિન પુરોહિતે આ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું કે, તેમની યુનિવર્સિટી અભ્યાસની સાથોસાથ વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસ પર ભાર મૂકીને આવા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૧,૭૦,૦૦૦ વ્યક્તિઓ રોડ અકસ્માતમાં અવસાન પામે છે, જેમાં મોટા ભાગના યુવાનો હોય છે, જેમનું મૃત્યુ બાઈક પર હેલમેટ ન પહેરવાના કારણે થાય છે. કાર્યક્રમનાં અંતે શ્રી જગદીશ ઝૂલાએ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા પણ લેવડાવી. ગુજરાત રોડ સેફટી અથોરીટી (જી.આર.એસ.એ.), ગુજરાત મોટર વેહીકલ્સ ડિપાર્ટમેન્ટ (જી.એમ.વી.ડી.), સ્ટુડેંટ્સ વેલ્ફેર (એન.એસ.એસ), જી.એલ.એસ યુનિવર્સિટી અને ફેકલ્ટી ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના સંયુક્ત ઉપક્રમે ધીરજ, સુરક્ષા, સલામતી અને ખંત, લાવશે માર્ગ અકસ્માતોનો અંત વિષય પર રોડ સેફટી સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

### રૂ.૧૨.૦૭ કરોડના ખર્ચે સુરત જિલ્લામાં

## નવનિર્મિત આંગણવાડી કેન્દ્રો, પંચાયતઘર અને વિવિધ વિકાસ પ્રકલ્પોનું સામૂહિક ઈ-લોકાર્પણ-ભૂમિપૂજન કરતા વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ

। સુરત, તા.૬ ।

સુરત જિલ્લા પંચાયત દ્વારા જિલ્લામાં રૂ.૧૨.૦૭ કરોડના ખર્ચે નવનિર્મિત આંગણવાડી કેન્દ્રો, પંચાયત ઘર અને વિવિધ વિકાસ પ્રકલ્પોનું વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે જિલ્લા પંચાયત-વેસુ ખાતેથી સામૂહિક ઈ-લોકાર્પણ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ વેળાએ સાંસદ મુકેશભાઈ દલાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ૪૦ ગામોમાં રૂ.૫.૩૬ કરોડના ખર્ચે ૪૬ આંગણવાડી, વિવિધ તાલુકાઓમાં રૂ.૨.૭૬ કરોડના ખર્ચે ૧૭ ગ્રામપંચાયત ઘર ઈ-લોકાર્પણ તેમજ જિલ્લા પંચાયત-વેસુ ખાતે રૂ.૩.૩ કરોડના ખર્ચે વેક્સિન સ્ટોર અને રેકર્ડ રૂમનું ભૂમિપુજન કરાયું હતું, ઉપરાંત ઘન કચરાના વ્યવસ્થાપન અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટે ૨૩ ગામોમાં રૂ.૬૫ લાખના ખર્ચે ૨૫ ઈ-વ્હીકલને મહાનુભાવોના હસ્તે ફલેગ ઓફ આપી પ્રસ્થાન કરાવાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જર્જરિત અવસ્થામાં રહેલી



ગ્રામપંચાયત, નગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયત, મામલતદાર કચેરીઓને આધુનિક ઓપ આપી સુવિધાયુક્ત ભવનોનું નિર્માણ કર્યું છે. પંચાયતઘરોમાં આધુનિક ટેકનોલોજીથી જનસુવિધામાં વધારો થયો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ૨૦૨૧માં શરૂ કરેલ 'કેચ ધ રેઈન' પ્રોજેક્ટ હવે સમગ્ર દેશમાં જનઆંદોલન બન્યું છે. જમીનના પેટાળમાં મોટી માત્રામાં પાણીના જથ્થાનો સંગ્રહ કરવાની તાકાત રહેલી છે. વરસાદી પાણીને દરિયામાં વહી જતું અટકાવી તેને ભૂગર્ભમાં સંગ્રહ કરી ભવિષ્યની પેઢીને વારસામાં અખૂટ જળભંડાર આપીએ. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવવાથી ખેતીમાં ઉત્પાદનક્ષમતા વધી છે, જેથી ખેડૂતોની આર્થિક સમૃદ્ધિમાં પણ વૃદ્ધિ થઈ છે. જાગૃત્ત ખેડૂતોના કારણે સુરત જિલ્લો પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર બની રહ્યો છે. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જિલ્લા પંચાયત દ્વારા સુરતના ૧૧૭ ગામોમાં ઘનકચરો એકત્ર કરવા ઈ-વ્હિકલ કાર્યરત છે. આવનાર સમયમાં ગુજરાતનું સચિવાલય પ્લાસ્ટિક મુક્ત બને એ દિશામાં રાજ્ય સરકાર પ્રયાસરત છે.

### દહેજ નહીં લાવતા પરિણીતાને પતિ અને સાસરીવાળા હેરાન કરતા હતા

## 'તું મને ગમતી નથી' કહીને પત્નીને મૂકી પતિ સાઉદી અરેબિયા જતો રહ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ઈસનપુર વિસ્તારમાં એક પરિણીતાને લગ્ન પછી સાસરીવાળાઓએ રૂ.૫ લાખના દહેજ માટે ત્રાસ આપવા સાથે 'તુ મને ગમતી નથી' એમ કહીને પતિ સાઉદી અરેબિયા જતો રહ્યો હોવાની તથા સાસુ, દિયર અને કાકા સસરાએ ભેગા મળી ઘરમાંથી કાઢી મૂકી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.શાહઆલમ વિસ્તારમાં રહેતી યુવતીના લગ્ન ૨૦૧૮માં નારોલમાં ગુલશન પાર્કમાં રહેતાં મોહમદ રફીક ખોખર સાથે થયા હતા. લગ્ન બાદ સાસરિયાઓએ રૂ.૫ લાખ દહેજ અને સોના-ચાંદીના દાગીના કેમ નથી લાવી એમ કહીને ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. જોકે, લગ્નજીવન બગડે નહીં માટે પરિણીતા પતિ, સાસુ, દિયર અને કાકા સસરાનો ત્રાસ સહન કરતી હતી. પરંતુ પરિસ્થિતિ સુધરવાને બદલે વધારે બગડી હતી. લગ્નના દોઢ જ મહિનામાં પતિએ અચાનક રાત્રે 'તું મને ગમતી નથી, માતા-પિતાના આગ્રહથી જ મેં તારી સાથે લગ્ન કર્યા હતા,' એમ કહી બીજા જ દિવસે સાઉદી અરેબિયા ખાતે કામ ધંધા માટે જતો રહ્યો હતો. આથી સાસરીમાં દિયર, સાસુ, કાકા સસરાએ દહેજ લાવવા વારંવાર પરેશાન કરતા હતા. પતિ પણ સાઉદીથી ફોન પર પરિણીતાને દહેજ અને દાગીના લાવવા દબાણ કરતો હતો. એક દિવસ પરિણીતાને તેના દિયરે આવીને ઘરમાંથી કાઢી મૂકી હતી. આથી પરિણીતાએ પોતાના પિયર જઈ પતિ મોહમંદ રફીક ખોખર, સાસુ આયશા ઈબ્રાહીમ ખોખર, દિયર દાઉદ ઈબ્રાહીમ ખોખર અને કાકા સસરા જબ્બાર યાસીનભાઈ ખોખર સામે દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ફરિયાદ નોંધાવી છે.

### 'યાદવ સેવા સમાજ-સમગ્ર ભારત'નું અમદાવાદમાં ૧૩મું વાર્ષિક સંમેલન યોજાયું, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા શુભારંભ

## યુવાનોની સશક્ત અને સજાગ ભાગીદારીથી જ રાષ્ટ્ર બનશે સમૃદ્ધ : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ, તા.૬ ।

યુવાનોની સશક્ત અને સજાગ ભાગીદારી જ સમાજ અને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવી શકે છે. આથી જ મહાન કર્મયોગી ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કર્મના ભાવને અપનાવા પર ભાર મુક્યો હતો. આવી સ્થિતિમાં, યુવાનોની મોટી જવાબદારી છે કે તેઓ તેમની આ ભૂમિકા ઓળખે અને આ દિશામાં સકારાત્મક પહેલ કરીને નવા આયામ સર્જે. ઉપરોક્ત નિવેદન જાણીતા સાહિત્યકાર અને બ્લોગર તેમજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 'યાદવ સેવા સમાજ-સમગ્ર ભારત'ના વસ્ત્રાલ, અમદાવાદમાં આયોજિત ૧૩મા વાર્ષિક સંમેલન અને સ્નેહ મિલન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વ્યક્ત કર્યા. તેમણે તેમના સંબોધનમાં યુવાનોમાં શિક્ષણ,




કૌશલ્ય વિકાસ અને દેશ નિર્માણમાં તેમની વધતી જતી મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ચર્ચા કરતાં સમાજમાં તેમના નવા કર્તવ્ય નિર્માણ તરફ પણ ધ્યાન આકર્ષિત કર્યું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે ગુજરાતની ધરતી દ્વારકાધીશ માટે જાણીતી છે. દ્વારકાધીશ શ્રી કૃષ્ણના વ્યક્તિત્વમાં ભારતને માત્ર એક પ્રતિભાશાળી રાજનેતા જ નહિ, પણ એક મહાન કર્મયોગી અને તત્વચિંતક મળ્યાં છે, જેમનું ગીતા-જ્ઞાન સમસ્ત માનવજાત અને દરેક કાળ અને દેશો માટે માર્ગદર્શક છે. આજના દેશના યુવાનોને શ્રી કૃષ્ણના વિરાટ ચરિત્રનું વિગતવાર અભ્યાસ કરવાની જરૂર છે. શ્રી યાદવે જણાવ્યું કે શ્રી કૃષ્ણે ક્યારેય કોઈ પ્રતિબંધ લાગુ ન કર્યો. તેમણે સમગ્ર જીવનને સંપૂર્ણતા સાથે સ્વીકાર્યું છે. સંસારના વચ્ચે રહેવા છતાં પણ તેમાંથી તટસ્થ રહીને તેઓ પૂર્ણ પુરુષ કહેવાયા. એજ કારણ છે કે તેમની સ્તુતિ લગભગ આખી દુનિયામાં કોઈ ને કોઈ રૂપમાં કરવામાં આવે છે.

આ પ્રસંગે ગુજરાતના વિવિધ જિલ્લાના વિદ્યાર્થીઓ કે જેમણે ધોરણ ૧૦ અને ૧૨ સહિત ઉચ્ચ વર્ગોમાં ઉત્કૃષ્ટ સ્થાન મેળવ્યું છે, મેડિકલ, એન્જિનિયરિંગ અને વિવિધ સેવાઓમાં પસંદગી પામેલ પ્રતિભાઓ અને સમાજ સેવા માટે તત્પર મહાન વ્યક્તિઓનું સ્મૃતિચિહ્ન અને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું. નવા સભ્યો અને આજીવન સભ્યપદ મેળવનાર સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું. 'યાદવ સેવા સમાજ-સમગ્ર ભારત'ના ગુજરાત પ્રમુખ શ્રી સત્યદેવ યાદવે જણાવ્યું હતું કે, દેશના વિવિધ રાજ્યોમાંથી લોકો વેપાર અને આજીવિકા માટે ગુજરાતમાં આવે છે. આ વાર્ષિક સંમેલન તે બધા વચ્ચે સમન્વય સાધવા, તેમની સેવાઓનું સન્માન કરવા, આશાસ્પદ પ્રતિભાઓને પુરસ્કાર આપવા, સામાજિક-સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, લગ્ન પરિચય કાર્યક્રમો અને સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં તેમની સમૃદ્ધ ભાગીદારીને સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે આયોજન કરવામાં આવ્યું.

આ દરમિયાન સર્વશ્રી સત્યદેવ યાદવ, શિવ મૂર્તિ યાદવ, મુલાયમ સિંહ યાદવ, એડવોકેટ અશોક યાદવ, શિવ શંકર યાદવ, રામાધાર યાદવ, મુકેશ યાદવ, ભીમ સિંહ યાદવ, રામ બક્ષ યાદવ, જિતેન્દ્ર યાદવ સહિત ઘણા લોકોએ તેમની સક્રિય ભાગીદારીથી લોકોને પ્રોત્સાહિત કર્યા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પિથોરાગઢમાં નારાયણ આશ્રમની પ્રતિકૃતિ અર્પણ કરી.

### ઈન્ડિયા ગેટનું નામ 'ભારત માતા દ્વાર' કરવા માંગ

# હવે દિલ્હીના ઈન્ડિયા ગેટનું નામ બદલવાની માંગ કરવામાં આવી

## બીજેપી અલ્પસંખ્યક મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષે મોદીને પત્ર લખીને કહ્યું કે આ જ શહીદોને સાચી શ્રદ્ધાંજલિ હશે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૬ ।

બીજેપી અલ્પસંખ્યક મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ દિલ્હીના ઈન્ડિયા ગેટનું નામ બદલવાની માંગ કરી છે. તેણે પીએમ મોદીને પત્ર લખીને કહ્યું છે કે ઈન્ડિયા ગેટનું નામ બદલીને 'ભારત માતા દ્વાર' કરવામાં આવે. આ જ ભારતના શહીદોને સાચી શ્રદ્ધાંજલિ હશે. જમાલ સિદ્દીકીએ પીએમ મોદીને લખેલા પત્રમાં લખ્યું છે કે, 'તમારા નેતૃત્વમાં ભારતના ૧૪૦ કરોડ ભારતીય ભાઈ-બહેનોના દિલમાં દેશભક્તિ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સમર્પણની ભાવના વધી છે. તમારા કાર્યકાળમાં જે રીતે મુઘલ આક્રમણકારો અને



લૂંટારૂ અંગ્રેજોના ઘા રૂઝાયા છે અને ગુલામીના ડાઘ ધોવાયા છે તેનાથી સમગ્ર ભારત ખુશ છે. સાહેબ, તમે ક્રૂર મુઘલ ઔરંગઝેબના નામ પરથી રોડનું નામ બદલીને A.P.J. કલામ રોડ કરવામાં આવ્યો, ઈન્ડિયા ગેટ પર કિંગ જ્યોર્જ પંચમની પ્રતિમાને હટાવીને નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી અને રાજપથનું નામ બદલીને ડ્યુટી પાથ રાખવામાં આવ્યું અને તેને ભારતની સંસ્કૃતિ સાથે જોડવામાં આવ્યું. તેવી જ રીતે, કૃપા કરીને ઈન્ડિયા ગેટનું નામ બદલીને ભારત માતા દ્વાર કરો. ઈન્ડિયા ગેટને ભારત માતામાં રૂપાંતરિત કરવું એ તે સ્તંભ પર અંકિત હજારો શહીદ દેશભક્તોના નામોને સાચી શ્રદ્ધાંજલિ હશે. મારી તમને નમ્ર વિનંતી છે કે કૃપા કરીને મારા પ્રસ્તાવ પર વિચાર કરો. આભાર.' ઈન્ડિયા ગેટ ઓલ ઈન્ડિયા વોર મેમોરિયલ તરીકે પણ જાણીતો હતો. અહીં શહીદ થયેલા ભારતીય જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. દર વર્ષે ગણતંત્ર દિવસના અવસર પર અહીં એક પરેડ પણ કાઢવામાં આવે છે.

# મુકેશ અંબાણીની પુત્ર વધૂ રાધિકા અંબાણીએ શ્રીનાથજીના દર્શન કર્યા



। (એજન્સી) શ્રીનાથજી, તા.૬ ।

અંબાણી પરિવાર હાલમાં બોલિવુડ સ્ટારથી પણ વધારે ચર્ચામાં રહે છે. નીતા અંબાણીથી લઈ નાની વહુ અને દીકરી ઈશા સુધી ટુંકમાં અંબાણી પરિવારની મહિલાઓ ચર્ચામાં રહે છે. તેમાં પણ સૌથી વધારે ચર્ચા અંબાણી પરિવારની નાની વહુ રાધિકા મર્ચન્ટની થતી હોય છે. રાધિકા પોતાના લુક અને સ્ટાઈલથી લોકોનું દિલ જીતી લે છે. તેની સાદગી પણ લોકોનું મન મોહી લે છે. તેનો સિમ્પલ લુક લોકોનું દિલ જીતી લે છે. હાલમાં રાધિકા મર્ચન્ટ ભક્તિમાં જોવા મળી હતી. રાધિકાના આ અંદાજના લોકોએ વખાણ કર્યા અને તેના સંસ્કારોના પણ વખાણ કરી રહ્યા છે. આખું અંબાણી પરિવાર ખુબ ધાર્મિક છે.અંબાણી પરિવારની નાની વહુ રાધિકા મર્ચન્ટ માતા-પિતાની સાથે શ્રીનાથજીના દર્શન કરવા માટે નાથદ્વારા પહોંચી હતી. રાધિકા મર્ચન્ટ પિંક ડ્રેસમાં જોવા મળી હતી. મંદિરમાં રાધિકાને સન્માનિત કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, ૧૨ જુલાઈ ૨૦૨૪ના મુંબઈના વર્લ્ડ જિઓ ડ્રાઈવમાં મર્ચન્ટ અને અનંત અંબાણી લગ્નના બંધનમાં બંધાયા હતા. બંન્ને લગ્નમાં ખુબ ખુશ જોવા મળ્યા હતા. રાધિકા-અનંતના લગ્નમાં દેશ-વિદેશી મહેમાનો આવ્યા હતા. લગ્ન પહેલા પ્રી વેડિંગ ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગરમાં પહેલા પ્રી વેડિંગ રાખવામાં આવ્યું હતુ. ત્યારબાદ બીજું પ્રી વેડિંગ ફ્રાંસ-ઈટલીમાં આયોજિત કરવામાં આવ્યું હતું.

# ભાજપ નેતાના વિવાદિત નિવેદનથી દુઃખી CM આતિશી રડી પડ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીમાં આગામી મહિને વિધાનસભા ચૂંટણી થવાની છે. આ પહેલા દિલ્હીનું રાજકારણ ગરમાયું છે. દરમિયાન રમેશ બિધૂડીના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં સોમવારે મુખ્યમંત્રી આતિશી ભાવુક થઈ ગયા. તેમણે સોમવારે પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં કહ્યું કે 'હું રમેશ બિધૂડીને કહેવા ઈચ્છીશ કે મારા પિતાજી સમગ્ર જીવન શિક્ષક રહ્યાં. તેમણે દિલ્હીના હજારો ગરીબ બાળકોને ભણાવ્યા છે. આજે તેઓ ૮૦ વર્ષના થઈ ગયા છે. તેઓ એટલા બિમાર રહે છે કે આશરા વિના ચાલી શકતાં નથી. તમે ચૂંટણી માટે આવી હરકત કરો છો. એક વૃદ્ધ વ્યક્તિને અપશબ્દો બોલી રહ્યાં છો. આ દેશનું રાજકારણ એટલું ખરાબ થઈ ગયુ છે કે હું ક્યારેય વિચારી પણ શકતી નહોતી. તેઓ પોતાના કામના આધારે વોટ માગે. તેઓ દક્ષિણ દિલ્હીથી દસ વર્ષ સાંસદ રહ્યાં છે. કાલકાજીના લોકોને જણાવો કે તેમણે દસ વર્ષ શું કર્યુ. તેનો હિસાબ આપો? એ ખૂબ દુઃખની વાત છે કે મારા વૃદ્ધ પિતાને અપશબ્દો કહીને તે વોટ માગી રહ્યાં છે.' રમેશ બિધૂડીએ રવિવારે રોહિણીમાં આયોજિત પાર્ટીની પરિવર્તન રેલીને સંબોધિત કરતાં કહ્યું હતું કે 'દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ તો પોતાના પિતા જ બદલી દીધા. તે માર્લેનાથી સિંહ થઈ ગયા. અરે આ માર્લેના, આ તો સિંહ બની ગઈ ભૈયા. નામ બદલી લીધું. કેજરીવાલે બાળકોના સોગંધ ખાધા હતા. ભ્રષ્ટાચારી કોંગ્રેસની સાથે નહીં જઉં. માર્લેનાએ નામ બદલી દીધું. પહેલા માર્લેના હતું, હવે સિંહ બની ગઈ. આ તેમનું ચરિત્ર છે. તેમણે સીએમ આતિશીના માતા-પિતા પર પણ નિશાન સાધ્યું.

### બુમરાહની ઈજા અંગે પોન્ટિંગનો મોટો ખુલાસો

# બુમરાહ દ્વારા મેચની વચ્ચે જ નીકળી જવું ચિંતાનો વિષય

## હું બુમરાહને આગળ ભવિષ્યમાં પણ બોલિંગ કરતો જોવા માંગુ છું, મેદાનની બહાર જોવા નથી માંગતો : પોન્ટિંગ

। (એજન્સી) સિડની, તા.૬ ।

ભારતના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને લઈને એક ચોંકાવનારી ખબર સામે આવી છે. ટીમ ઈન્ડિયાને તાજેતરમાં પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાના હાથે ૧-૩થી હારનો સામનો કરવો પડ્યો હતો. બોર્ડર ગાવસ્કર ટેસ્ટ સીરિઝમાં જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૩૨ વિકેટ ખેરવી હતી. આખી શ્રેણીમાં માત્ર જસપ્રીત બુમરાહે જ ભારતીય ટીમનો બોજ પોતાના ખભા પર ઉઠાવી રાખ્યો હતો. જસપ્રીત બુમરાહને બાદ કરતાં ભારતના બાકીના બોલરો આ પાંચ મેચની ટેસ્ટ સીરિઝમાં કંઈ ખાસ કમાલ નહોતા કરી શક્યા. સિડનીમાં રમાયેલી પાંચમી ટેસ્ટના બીજા દિવસે જસપ્રીત બુમરાહને પીઠમાં દુખાવો



થયો હતો, ત્યારબાદ તેણે મેચમાં એક પણ ઓવર નહોતી ફેંકી . ભારત ઓસ્ટ્રેલિયા સામેની મેચ ૬ વિકેટથી હારી ગયું અને ટેસ્ટ સીરિઝ ૧-૩થી ગુમાવી દીધી. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન અને કોમેન્ટેટર રિકી પોન્ટિંગે એક ચેનલ સાથે વાત કરતા કહ્યું કે, જસપ્રીત બુમરાહ દ્વારા પોતાની પીઠની તપાસ કરાવવા માટે મેચની વચ્ચે જ નીકળી જવું એ ટીમ ઈન્ડિયા માટે ખરેખર ચિંતાનો વિષય હતો. ઓસ્ટ્રેલિયાના વરિષ્ઠ પત્રકાર પીટર લાલોર પણ એ વાત સાથે સહમત ન હતા કે જસપ્રીત બુમરાહ માત્ર સ્કેન માટે જ ગયો હતો. ઓસ્ટ્રેલિયન પત્રકારે દાવો કર્યો કે જસપ્રીત બુમરાહે ઈન્જેક્શન પણ લેવા પડ્યા હતા. જસપ્રીત બુમરાહ બીજી ઈનિંગમાં એક પણ બોલ નહોતો ફેંકી શક્યો અને ભારત પાંચમી ટેસ્ટના ત્રીજા દિવસે હારી ગયુ હતું. આ ઘટનાએ રિકી પોન્ટિંગ અને ઓસ્ટ્રેલિયન પત્રકાર પીટર લાલોર ચોંકાવી દીધા હતા અને તેઓ માને છે કે મામલો ઘણો મોટો છે. જસપ્રીત બુમરાહ વિશે કંઈક મોટી વાત છુપાવવામાં આવી રહી છે. રિકી પોન્ટિંગે કહ્યું, 'મારા માટે આ ખરેખર ચિંતાનો વિષય હતો. જ્યારે બુમરાહ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર પાછો આવ્યો ત્યારે તેણે કહ્યું કે મને પીઠમાં દુઃખાવો છે, પરંતુ તે સીડીઓ ઉપર દોડી રહ્યો હતો અને તે મેદાનની બહાર પણ ભાગી ગયો હતો. આ પીઠના દુઃખાવાના ચિહ્નો અથવા લક્ષણો નથી. હું આશા રાખું છું કે આવું જ હોય. રિકી પોન્ટિંગે કહ્યું કે હું બુમરાહને આગળ ભવિષ્યમાં પણ બોલિંગ કરતો જોવા માંગુ છું. હું તેને લાંબા સમય સુધી ક્રિકેટના મેદાનની બહાર જોવા નથી માંગતો. કારણ કે થોડા વર્ષો પહેલા સ્ટ્રેસ ફ્રેક્ચરને કારણે તે લાંબા સમય સુધી ક્રિકેટના મેદાનથી દૂર હતો. બીજી તરફ ઓસ્ટ્રેલિયન પત્રકાર પીટર લાલોરે જસપ્રીત બુમરાહની 'પીઠમાં દુઃખાવાની વાત નકારી કાઢી હતી. પીટર લાલોરે કહ્યું, મારી જાણ પ્રમાણે બુમરાહ સ્કેન કરાવવા નહોતો ગયો. સ્કેનિંગ મશીન ભારતના ડ્રેસિંગ રૂમમાં પહેલેથી જ હાજર હતું.

### બાબર સાથે મળી બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

# શાન મસૂદે સાઉથ આફ્રિકામાં ફટકારી ઐતિહાસિક સદી

। (એજન્સી) કેપટાઉન, તા.૬ ।

કેપટાઉનમાં પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ રમાઈ રહી છે. પ્રથમ દાવમાં ૧૯૪ રનમાં ઓલઆઉટ થતાં પાકિસ્તાનની ટીમ ઘણી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકાને ફોલોઓન કરવા પાકિસ્તાનને મજબૂર કરી દીધું હતું. ત્યારબાદ બીજી ઈનિંગમાં કેપ્ટન શાન મસૂદે ઐતિહાસિક સદી ફટકારી હતી. મેચના ત્રીજા દિવસે તેણે બાબર આઝમ સાથે ૨૦૫ રનની ઓપનિંગ ભાગીદારી કરી અને ટેસ્ટ ક્રિકેટમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. વાસ્તવમાં ૧૪૮ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં ફોલોઓન બાદ આ સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી બની છે. દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ પછી તેની ટીમે પ્રથમ દાવમાં ૬૧૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં પાકિસ્તાનની આખી ટીમ પ્રથમ દાવમાં ૧૯૪ રનમાં સમેટાઈ ગઈ હતી. હવે બીજી ઈનિંગમાં ફોલોઓન મળ્યા બાદ પાકિસ્તાન પર દબાણ વધી ગયું હતું. ટીમનો નિયમિત ઓપનર સૈમ અયુબ પગની ઈજાના કારણે પહેલા જ મેચમાંથી બહાર થઈ ગયો હતો. પરંતુ શાન મસૂદે પોતાની છેલ્લી ભૂલને ભૂલીને બાબર આઝમ સાથે લડત આપી હતી. તેણે ૧૬૬ બોલમાં ૧૦૨ રનની અણનમ ઈનિંગ રમી અને શાને ૨૦૫ રનની ઓપનિંગ ભાગીદારી કરીને પોતાની ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. જોકે, દિવસની રમત પૂરી થાય તે પહેલા બાબર આઝમ ૮૧ રન કરીને આઉટ થઈ ગયો હતો. પરંતુ બાદમાં નાઈટ વોચમેન ખુર્રમ શહઝાદે વિકેટ પડવા દીધી ન હતી. પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં પાકિસ્તાનની ટીમે બીજા દાવમાં ૧ વિકેટના નુકસાન પર ૨૧૩ રન બનાવી લીધા છે અને તે હવે દક્ષિણ આફ્રિકા કરતા ૨૦૮ રન પાછળ છે. શાન સાથે બાબર આઝમ પણ ફોર્મમાં પરત ફરતો જોવા મળ્યો હતો. તે છેલ્લા બે વર્ષથી રન માટે સંઘર્ષ કરી રહ્યો હતો. તે અડધી સદી અને સદી માટે ઝંખતો હતો. પરંતુ તે દક્ષિણ આફ્રિકામાં ફોર્મમાં પાછો ફર્યો હતો અને તેણે એક જ દિવસમાં ૨ અડધી સદી ફટકારી હતી. મેચના બીજા દિવસે પ્રથમ દાવ દરમિયાન બાબર ૩૧ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. ત્યારબાદ ત્રીજા દિવસે તેણે ૫૦ રનનો આંકડો પાર કર્યો પરંતુ ૫૮ રન બનાવીને આઉટ થઈ ગયો. ફોલોઓન થયા બાદ જ્યારે તેને ફરીથી ઓપનિંગ કરવાની તક મળી ત્યારે તેણે ફરી એકવાર અડધી સદી ફટકારી અને ૮૧ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

### પ્રવાસીઓ ખુશખુશાલ, સ્થાનિકો પણ ખુશ

# જમ્મુ કાશ્મીર બન્યું જન્નત, ભારે હિમવર્ષાથી સર્વત્ર બરફની ચાદર

। (એજન્સી) જમ્મુ, તા.૬ ।

પૃથ્વી પરના સ્વર્ગ એવા જમ્મુ કાશ્મીરમાં જાન્યુઆરી મહિનામાં પણ મોસમનો મિજાજ યથાવત રહ્યો છે. જેના કારણે પહાડોથી લઈને મેદાની પ્રદેશ સુધી તેની અસર જોવા મળી રહી છે. જમ્મુ કાશ્મીરના અનેક વિસ્તારોમાં ફરી એકવાર બરફવર્ષાનો દોર શરૂ થઈ ગયો છે. જે આગામી ૪૮ કલાક સુધી ચાલુ રહેશે તેવી આગાહી છે. અનેક મુશ્કેલી છતાં સ્થાનિકો અને પ્રવાસીઓના ચહેરા ખુશીથી ખીલી ઉઠ્યા છે. જમ્મુ કાશ્મીરના વિવિધ વિસ્તાર બરફની ચાદર ઢંકાયેલી જોવા મળી રહી છે. અહીંયા ભારે હિમવર્ષા બાદ પહાડોથી લઈને ઘાટી સુધી તમામ સ્થળ બરફની સફેદ ચાદરમાં પથરાઈ ગયા છે. આ તરફ જમ્મુ કાશ્મીરના સોનમર્ગમાં મોસમનો મિજાજ બદલાઈ ગયો છે. આકાશમાંથી અચાનક સફેદ રૂની



પૂણી જેવો બરફ વરસવા લાગ્યો. જેણે વાતાવરણને ખુશનુમા અને આહલાદક બનાવી દીધું. સોનમર્ગ આવેલા પ્રવાસીઓ કુદરતના અનોખા નજારાને પોતાના મોબાઈલમાં કેદ કરતાં જોવા મળ્યા.પહાડો પર ભારે હિમવર્ષાના કારણે મેદાની પ્રદેશોમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. જોકે હજુ તો આ શરૂઆત છે કેમ કે હવામાન વિભાગે પહાડોમાં બરફવર્ષાની આગાહી કરી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ બરફવર્ષાએ પહાડી રાજ્યોની રોનક બદલી નાંખી છે.

### સદીઓ જૂનું શિવ મંદિર મળી આવ્યું

# પટણામાં ધસી પડેલી જમીનને લેવલ કરતી વખતે થયો ચમત્કાર

। (એજન્સી) પટણા, તા.૬ ।

પટણામાં ધસી પડેલી જમીનનું લેવલ કરતી વખતે ચમત્કાર થયો છે. એ જગ્યાએથી સદીઓ જૂનું શિવ મંદિર મળી આવ્યું છે. મંદિરની અંદર પાંચ ફૂટ ઊંચો આરસથી બનેલો મંડપ છે જેમાં શિવલિંગ તેમજ પગલાંની કોતરણી જોવા મળી છે. બિહારની રાજધાની પટણામાં ખોદકામ બાદ સેંકડો વર્ષ જૂનું મંદિર મળી આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઘટના સુલતાનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના મઠ લક્ષ્મણપુર વિસ્તારની છે. ૫મી જાન્યુઆરી રવિવારના રોજ અહીં જમીન ગુફામાં ધસી જતાં ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ દરમિયાન સેંકડો વર્ષ જૂનું શિવ મંડપ મંદિર મળી આવ્યું હતું. પટનાના મઠ લક્ષ્મણપુરમાં શિવ મંદિર મળી આવ્યું હોવાના સમાચાર ફેલાતા જ સમગ્ર વિસ્તારમાં આશ્ચર્ય ફેલાઈ ગયું



હતું. આસપાસના લોકો સ્થળ પર પહોંચી ગયા અને ભગવાન શિવની સ્તુતિ કરવા લાગ્યા. પટણામાં જ્યાં મંદિર મળ્યું ત્યાંના સ્થાનિક લોકોએ જણાવ્યું કે વર્ષો પહેલાં અહીં એક મઠ હતો. પારિવારિક વિવાદ બાદ લોકો ત્યાંથી ચાલ્યા ગયા હતા અને આસપાસના લોકોએ તેની ઉપેક્ષા કરી. સદીઓ સુધી ઉજ્જડ રહેલી એ જગ્યા ઉપર લોકો દ્વારા કચરો ફેંકવાને કારણે મંદિર જમીન નીચે ઢંકાતું ગયું. જોકે, ગઈકાલે રવિવારે જમીન ધસી ગયા બાદ જગ્યાને સમથળ કરવા માટે ખોદકામ કરવામાં આવ્યું.



નવી દિલ્હીમાં ઠંડી અને ધુમ્મસમાં વચ્ચે દિલ્હી-ગુરુગ્રામ એક્સપ્રેસ-વે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતાં.

# એક જ નંબરની બે કાર, મુંબઈની તાજ હોટલની સામે ઉભી હતી બે ગાડી

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

મુંબઈમાં તાજ હોટલની સામે એક જ નંબર પ્લેટવાળા બે વાહનો પાર્ક થયેલા જોવા મળ્યા હતા. આ અંગે વાહન ચાલકે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બંને વાહનોને કોલાબા પોલીસ સ્ટેશન લઈ ગયા અને હવે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, આ બંને વાહનો સોમવારે બપોરે લગભગ ૧ વાગ્યે મુંબઈમાં તાજ હોટલની સામે પાર્ક કરેલા જોવા મળ્યા હતા. જે બાદ ઓરિજિનલ રજિસ્ટ્રેશન ધરાવતા વાહનના ડ્રાઈવરે પોલીસને આ અંગે ફરિયાદ કરી હતી. આ બાબતની નોંધ લેતા બંને વાહનોને કોલાબા પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા, ત્યારબાદ પોલીસ હવે તાજ હોટલની સામે પાર્ક કરેલી બીજી કાર કોની હતી તેની તપાસ કરી રહી છે. તાજ હોટલની સામે પાર્ક કરેલા બંને વાહનોનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે બંને વાહનો મારુતિ સુઝુકીના છે. આ વાહનોમાંથી એક એર્ટીગા છે, જેનો નંબર MH01EE2388 છે. જ્યારે તેની પાછળ પાર્ક કરેલી કારનો પણ આ જ નંબર છે. જો કે બીજા વાહનનું કયું મોડલ છે તે જાણી શકાયું નથી. આ રીતે તાજ હોટલની સામે એક જ નંબર પ્લેટવાળા વાહનો મળી આવતા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

## તંત્રી લેખ...

# હવે ભારતમાં ઈન્ટરપોલની માફક રચાશે ભારતપોલ

ઈન્ટરપોલનું કામ આંતરરાષ્ટ્રીય ગુનેગારોનું નેટવર્ક અને તેમને પકડવાનું સરળ બનવાનું છે. જે ગુનેગારો ભારતમાં ગુના કરીને વિદેશ ભાગી જાય છે અથવા વિદેશમાં બેસીને ભારતમાં ક્રાઈમ સિન્ડિકેટ ચલાવે છે તેવા ગુનેગારો સામે હવે રાજ્યોની પોલીસને ઈન્ટરપોલ જેવું શક્તિશાળી હથિયાર મળશે. વાસ્તવમાં, ગૃહ મંત્રાલય ભારતમાં 'ભારતપોલ' શરૂ કરવા જઈ રહ્યું છે. જે ઈન્ટરપોલની માફક જ ગુનેગારો વિશેની માહિતી શેર કરવા અને ગુનેગારો સામે તાત્કાલિક પગલાં લેવાનો રસ્તો વધુ સરળ કરશે. ૭ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવશે. ભરતપોલનો ઉદ્દેશ્ય માત્ર ગુનેગારોને પકડવાનો જ નથી પરંતુ તેમની સામે સમયસર પકડવાનો અને ગુનાઓને જડમૂળથી ઉખેડી નાખવાનો પણ છે. આ એક એડવાન્સ ઓનલાઈન પોર્ટલ છે, જે સીબીઆઈ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેની ટ્રાયલ પણ થઈ ચૂકી છે. તેની ઔપચારિક શરૂઆત કરવાની બાકી છે. ઈન્ટરપોલ એટલે કે ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન એ વિશ્વનું સૌથી મોટું ઈન્ટરનેશનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન છે. આ એક એવી સંસ્થા છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે તમામ દેશોની પોલીસ વચ્ચે સંકલન કરે છે. તે ૧૯૫ દેશોની તપાસ એજન્સીઓનું સંગઠન છે. જેના દ્વારા ગુનેગારોની માહિતીની આપ-લે થાય છે અને તેમની ધરપકડ કરવા માટે આંતર રાષ્ટ્રીય નોટિસ જાહેર કરવામાં આવે છે. ભારત તરફથી ઈન્ટરપોલની સાથે CBI જોડાયેલ છે. તેમના અધિકારીઓની ઈન્ટરપોલમાં નિમણૂક કરવામાં આવે છે. ઈન્ટરપોલ સંસ્થા ૧૯૨૩ થી કાર્યરત છે. ઈન્ટરપોલનું હેડક્વાર્ટર ફ્રાન્સના લિયોન શહેરમાં છે. ધારો કે ભારતમાં કોઈ માણસે ગુનો કર્યો છે. પછી તે સ્વિટ્ઝર્લેન્ડ ભાગી ગયો. હવે સમસ્યા એ છે કે, ભારતીય પોલીસનો દાવો સ્વિત્ઝર્લેન્ડમાં કામ કરતો નથી. આવી સ્થિતિમાં ઈન્ટરપોલ ગુનેગારને પકડવા માટે કામ કરશે. ભારત તે આરોપીની માહિતી ઈન્ટરપોલને આપશે. ત્યારપ છી તેના નામે નોટિસ ઈસ્યું કરવામાં આવશે. ઈન્ટરપોલ અનેક પ્રકારની નોટિસ બહાર પાડે છે. પરંતુ ત્યાં બે મુખ્ય છે. એક પીળો, જે ગુમ થયેલા લોકો માટે છે. બીજી રેડ નોટિસ, જે વોન્ટેડ ગુનેગારો અને આરોપીઓ માટે છે. ભારતમાં, રાજ્ય પોલીસ અને તપાસ એજન્સીઓને માહિતી માટે અથવા વિદેશમાં છુપાયેલા ગુનેગારોને પકડવા માટે વારંવાર ઈન્ટરપોલનો આશરો લેવો પડે છે. હાલની પ્રક્રિયામાં રાજ્ય સરકારે પહેલા સીબીઆઈનો સંપર્ક કરવો પડશે.

### રનવે ટુ અ બિલિયન ઓપોર્ચ્યુનિટીઝ:

## એરો ઈન્ડિયા ૨૦૨૫નું આયોજન તારીખ ૧૦ થી ૧૪ ફેબ્રુઆરી સુધી બેંગલુરુમાં યોજાશે

એશિયાના સૌથી મોટા એરો શોની આ ૧૫મી આવૃત્તિ નવી ભાગીદારી બનાવવા અને સ્વદેશીકરણની પ્રક્રિયાને ઝડપી બનાવવાના રસ્તાઓ શોધવા માટે છે, રક્ષા મંત્રીઓની કોક્લેવ, સીઈઓનું રાઉન્ડ-ટેબલ બેઠક, મંથન સ્ટાર્ટ-અપ ઈવેન્ટ, આકર્ષક એર શો અને સ્વદેશી ઉત્પાદન ક્ષમતાઓનું પ્રદર્શન સહિતના કાર્યક્રમો મુખ્ય ઈવેન્ટ્સમાં આયોજિત થશે. એશિયાના સૌથી મોટા એરો શો - એરો ઈન્ડિયા ૨૦૨૫ની ૧૫મી આવૃત્તિ તારીખ ૧૦થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન કર્ણાટકના બેંગલુરુ ખાતે એરફોર્સ સ્ટેશન, યેલાહંકા ખાતે યોજાશે. 'ધ રનવે ટુ અ બિલિયન ઓપોર્ચ્યુનિટીઝ'ની વ્યાપક થીમ સાથે, આ કાર્યક્રમ વિદેશી અને ભારતીય કંપનીઓ વચ્ચે ભાગીદારી સ્થાપવા અને સ્વદેશીકરણની પ્રક્રિયાને વેગ આપવા અને વૈશ્વિક મૂલ્ય શ્રૃંખલામાં નવા રસ્તાઓની શોધ માટે પ્લેટફોર્મ પૂરું પાડશે. કાર્યક્રમના પ્રથમ ત્રણ દિવસ (તારીખ ૧૦, ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી) વ્યવસાયિક દિવસો હશે, જ્યારે તારીખ ૧૩ અને ૧૪નાં રોજ સાર્વજનિક દિવસ તરીકે નક્કી કરવામાં આવ્યો છે કે જેથી લોકો શોના સાક્ષી બની શકે. આ કાર્યક્રમમાં એરોસ્પેસ સેક્ટરના લશ્કરી પ્લેટફોર્મની વિશાળ શ્રેણીના એર ડિસ્પ્લે અને સ્ટેટિક પ્રદર્શન બંનેનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં કર્ટન રેઈઝર ઈવેન્ટ, ઉદ્ઘાટન સમારંભ, ડિફેન્સ મિનિસ્ટર્સ કોક્લેવ, સીઈઓનું રાઉન્ડ-ટેબલ, મંથન સ્ટાર્ટ-અપ ઈવેન્ટ, શાનદાર એર શો, ભારતીય મંડપ સહિત એક વિશાળ પ્રદર્શન વિસ્તાર અને એરોસ્પેસ કંપનીઓનો વેપાર મેળો સામેલ છે. મૈત્રીપૂર્ણ દેશો સાથે વ્યૂહાત્મક ભાગીદારી તરફ સંવાદને સરળ બનાવવા માટે, ભારત 'બ્રિજ-બિલ્ડિંગ રિઝિલિયન્સ થ્રુ ઈન્ટરનેશનલ ડિફેન્સ એન્ડ ગ્લોબલ એન્ગેજમેન્ટ' થીમ પર સંરક્ષણ પ્રધાનોના કોક્લેવનું આયોજન કરશે. તે ગતિશીલ ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓ અને પરસ્પર સમૃદ્ધિના માર્ગને સમાવે છે, જેને સુરક્ષા અને વિકાસના સહિયારા વિઝન સાથેના દ્રષ્ટિકોણવાળા દેશો વચ્ચે સહયોગના માધ્યમથી જોડી શકાય છે. આ કાર્યક્રમ દરમિયાન રક્ષા મંત્રી, રક્ષા રાજ્ય મંત્રી, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને સેક્રેટરી સહિતના સ્તરે અનેક દ્વિપક્ષીય બેઠકનું આયોજન કરાશે. આ દરમિયાન મિત્ર દેશોની સાથે સંરક્ષણ અને એરોસ્પેસ સંબંધોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, કે જેથી ભાગીદારીને આગલા સ્તર સુધી લઈ જવા માટે નવા માર્ગોની શોધ કરી શકાય. સીઈઓની રાઉન્ડ-ટેબલ બેઠકથી વિદેશી મૂળ સાધનોના ઉત્પાદકો (OEMs)ને ભારતમાં ઉત્પાદન માટે અનુકૂળ પ્લેટફોર્મ મળશે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમમાં વૈશ્વિક સીઈઓ, સ્થાનિક PSUsના CMDs અને ભારતની અગ્રણી ખાનગી સંરક્ષણ અને એરોસ્પેસ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ ભાગ લેશે. ઈન્ડિયા પેવેલિયન સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાઓ અને વૈશ્વિક મંચ માટે તૈયાર અત્યાધુનિક તકનીકોનું પ્રદર્શન જેમાં ભવિષ્યની સંભાવનાઓ પણ સામેલ છે, જેનું પ્રદર્શન કરીને મેક-ઈન-ઈન્ડિયા પહેલ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવશે. એરો ઈન્ડિયા ૨૦૨૫માં ભારતીય સ્ટાર્ટ-અપ્સનું પ્રોત્સાહન આપવું તે એક ફોકસ ક્ષેત્ર છે અને તેમના દ્વારા વિકસિત અત્યાધુનિક ટેકનોલોજી/ઉત્પાદનોના એક વિશાળ સ્પેક્ટ્રમને એક વિશિષ્ટ iDEX પેવેલિયનમાં પ્રદર્શિત કરવામાં આવશે. આ ઉપરાંત, ગતિશીલ એરોબેટિક ડિસ્પ્લે અને લાઈવ ટેક્નોલોજી પ્રદર્શનો આધુનિક એરોસ્પેસ પ્લેટફોર્મ્સ અને ટેક્નોલોજીની ક્ષમતાને પ્રદર્શિત કરતા એક ઈમર્સિવ અનુભવ પ્રદાન કરશે. ઈવેન્ટના ભાગરૂપે વિવિધ મહત્વપૂર્ણ થીમ પર સંખ્યાબંધ સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

---

**જે તે ધર્મ સંપ્રદાયના વડાઓ એ આ ભેદ લોકોના માનસમાં નાખ્યો, અને એને કારણે મૂલતઃ જે ઈશ્વર એક જ હતો, તેના ભાગ પડી ગયાં!**

# ધર્મ કે જ્યાં જીવનને દિવ્ય બનાવવા જવાનું હતું ત્યાં જીવન ભવ્યની માંગથી પહોંચ્યાં!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)


**આજનાં સમયમાં લોકો ઉપવાસ એકટાણાં પણ ખૂબ કરે છે, એમ તો દાન ધર્મ પણ ખૂબ થાય છે, પણ બધું દિશા વગરની દોડ જેવું હોવાથી એટલું પરિણામ મળતું નથી, અને લોકો નિરાશ થાય છે, અથવા તો એમ કહો કે પ્રેઝન્ટેશનના આ યુગમાં લોકોએ ઈશ્વર અને ધર્મને પણ પ્રદર્શન અને પ્રસ્તુતિનો વિષય બનાવી દીધો.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. છાપાં મુજબ કુંભ મેળામાં કરોડો લોકો આવવાનાં છે, અને એક ટેન્ટનું એક દિવસનું ભાડું એક લાખ રૂપિયા છે, જોકે બીજી પણ વ્યવસ્થા હશે! આપણે એમાં નથી જવું! મૂળ વાત આટલાં લોકો શું કામ આવે છે? શું એ સૌની માત્ર મોક્ષની ઈચ્છા હશે? કે પછી જીવતાં જ કંઈક દિવ્યતની અનૂભૂતિ કરવાં આવતાં હશે? શું છે આ બધાનું રહસ્ય? આ છે હિન્દુ સનાતન ધર્મની અસ્મિતા, અને એને જે પૂરી શ્રદ્ધાથી અનુસરે એને એનું વળગણ જીવનભર રહે છે! અને આપણે જોઈ શકીએ છીએ કે દિવસે દિવસે સનાતની અસ્મિતા પ્રબળ બનતી જાય છે કારણકે એ માત્ર ધર્મ કે શિષ્ટાચાર નથી! એ જીવનની સાચી સાર્થકતાનું પરિણામ છે! સનાતની પોતે પોતાની જાતને ઈશ્વરના સંતાન તરીકે સ્વીકારે, જેથી કરીને ઈશ્વર તેની સમસ્યાનું નિવારણ કરીને તેનું જીવન દિવ્ય બનાવે, અને એને અનુસરવાથી આપણું જીવન પણ સરળ બને છે, પણ હકીકતમાં જીવન સરળ નથી. તો પ્રશ્ન એ થાય કે આપણે શું આપણી સંસ્કૃતિ ને કે આપણા ધર્મને અનુસારતા નથી?? સમાજનું ઉપરછલ્લું ચિત્ર જોતા આ વાત ખોટી લાગે, કારણ કે ધર્મને કારણે આજે સમાજમાં ખૂબ બધા આયોજનો થાય છે, મોટી મોટી શિબિર અને સેમિનાર થતા હોય છે, ભાગવત કથાના આયોજન થતા હોય છે, અને એમાં જન્મેદની પણ ખાસ્સી જોવા મળે છે. એટલે એ પરથી કહી શકાય કે લોકોની ધર્મની રુચિ ખત્મ થઈ નથી! પરંતુ ધર્મ ક્ષેત્રમાં એવું કંઈક પ્રવેશી ગયું છે, કે જેને કારણે લોકો અનુસરવું જોઈએ તે અનુસરતા નથી! અને ત્યાંથી સમસ્યા શરૂ થાય છે. દર્દી ડોક્ટર પાસે જાય તો ડોક્ટરે તેનું નિદાન કરી અને એના રોગ નિવારણ માટે દવા આપવાની હોય, નહીં કે એ દર્દી જીવન ભર તેની પાસે આવતો રહે એવું કરવાનું હોય! બસ આ ઘાટ થયો છે ધર્મ ક્ષેત્રે,કે જ્યાં જીવનને દિવ્ય બનાવવાનું હતું ત્યાં એને ભવ્ય બનાવવાની ભૂલને કારણે, કોઈ ધર્મ પ્રેમી પોતાની અશાંતિની સમસ્યા લઈને કોઈ ધર્મ સંપ્રદાયના આખ્યાન, શિબિર,કે પ્રવચન વગેરેમાં જાય, એટલે એ ધર્મપ્રેમી એ જ ઠેકાણે દર વખતે જાય! એવું કરવામાં જે ધર્મ સંપ્રદાયને રસ છે, એણે ધર્મની વ્યાખ્યા બગાડી નાખી, અને એને કારણે સમાજ ધર્મને નામે વ્યક્તિ વિશેષની પૂજા કરતો થઈ ગયો. ધર્મના અનુયાયીઓ તો વધ્યા પણ જેમાં ધર્મ ઘટતો ગયો, અને દિવ્યતા ઘટતી ગઈ! જેને કારણે આટલી મોટી સંખ્યામાં લોકો ધર્મને નામે અધર્મનું આચરણ કરવા લાગ્યા જેણે આપણા પવિત્ર સનાતન ધર્મની સંસ્કૃતિને અંદરથી ખોખલી બનાવી નાખી છે. તો સમસ્યા આ છે! આજે પણ લોકોને શંકર, રામ કૃષ્ણ કે દુર્ગા, ગણેશ કે પછી અન્ય ઈશ્વર સ્વરૂપ સામે વાંધો નથી. પરંતુ જે તે ધર્મ સંપ્રદાયના વડાઓ એ આ ભેદ લોકોના માનસમાં નાખ્યો, અને એને કારણે મૂલતઃ જે ઈશ્વર એક જ હતો, તેના ભાગ પડી ગયાં! અને એ બે સંપ્રદાયો વચ્ચે હંમેશા હું મહાનની સ્પર્ધા ચાલી! જે સંપ્રદાય સૌથી વધારે ધર્મપ્રેમી પોતાનામાં ખેંચી શકે એનો ધર્મ કે એનો સંપ્રદાય મહાન છે, ત્યાં ઈશ્વર પ્રાપ્તિ સરળ છે, એવું સાબિત થાય! એટલે જેમ સેલ સમયે અમુક ઓફર થતી હોય, એ રીતે અહીં પણ થવા લાગ્યું,અને ધર્મ એક ધંધો બની ગયો! અને સનાતન ધર્મીઓ એ નિરસતા બતાવી એટલે કે આવી સ્પર્ધામાં જોતરાયા નહીં, એટલે અન્ય ધર્મ અને સંસ્કૃતિની બોલબાલા વધી. આજનાં સમયમાં લોકો ઉપવાસ એકટાણાં પણ ખૂબ કરે છે, એમ તો દાન ધર્મ પણ ખૂબ થાય છે, પણ બધું દિશા વગરની દોડ જેવું હોવાથી એટલું પરિણામ મળતું નથી, અને લોકો નિરાશ થાય છે. અથવા તો એમ કહો કે પ્રેઝન્ટેશનના આ યુગમાં લોકોએ ઈશ્વર અને ધર્મને પણ પ્રદર્શન અને પ્રસ્તુતિનો વિષય બનાવી દીધો હોવાથી, થોડું ઘણું ધર્મને નામે જે કંઈ થઈ રહ્યું હોય એ દંભ દેખાડો કે સ્ટેટસ સિમ્બોલ બની ગયું, અને એને કારણે ધર્મમાંથી મૂળ તત્વ ઘસાતું ગયું. તો બીજું કારણ છટકબારી પણ છે, એટલે કે સંયમ નિયમને માટે થઈને જે વ્રત, તપ, રૂપે ઉપવાસ એકટાણા કરવામાં આવે છે, એમાં વ્યંજનો વધતા ગયાં, અને આ નહીં તો! આ રીતે ખાવું પીવું! એવું બધું પ્રવેશી ગયું, જેને કારણે જાતને નિયંત્રિત કરવાની હતી એ થઈ નહીં, પણ ઉલ્ટાની ઈન્દ્રિયો વધુ ચંચળ બની. ટૂંકમાં કળિ પ્રભાવને કારણે મનની ચંચળતા પર એક નિષ્ઠ થવાયું નહીં, અને એને કારણે આ ધર્મ સારો! આ સંપ્રદાય સારો! અહીં વધુ લાભ છે! એવી અનેક નીતિઓને કારણે સનાતન ધર્મ સંસ્કૃતિ કે જે અનુસરવાથી આપણા જીવન માર્ગ પર ખરેખર દિવ્ય પ્રકાશ પાથરતી હતી, અને એ રીતે ગતિ કરવાથી નિશ્ચિતપણે એક દિવસ ઈશ્વર તત્વ મહેસુસ થવાનું હતું, એ બધું દૂર દૂર રહી ગયું, અને આપણે આ સારું કે તે સારું! વિચારવામાં જ રહી ગયા! પરંતુ રાત્રી પછી દિવસ થાય છે, તેમ આ રાત્રી છે, અને આપણી સંસ્કૃતિનો સૂર્યોદય બહુ જલ્દીથી થશે. દરેક યુગમાં આ રીતે ધર્મને નામે અધર્મ! કે અધર્મનો વ્યાપ વધે, ત્યારે ફરી પુનઃ સંસ્કૃતિની સ્થાપના થતી જ હોય છે, અહીં પણ થશે! આ સમય પણ એવો જ છે. ચોક્કસ પણે સનાતની મૂલ્યોને ઉજાળતી આપણી દિવ્ય સંસ્કૃતિનો ધ્વજ લહેરાશે, એ વાતમાં કોઈ બેમત નથી, કારણ કે કેટલાય બુદ્ધ પુરુષો આ માટે જન જાગરણ કરી રહ્યા છે. પરંતુ આ સોનેરી સવાર આવે એની માટે આપણું પણ કંઈક યોગદાન હોય તો કેવું સારું! જ્યારે પણ ઈતિહાસનું પાનું ખુલશે, ત્યારે એ દોરનો હિસ્સો આપણે પણ હતાં, એ કેટલું આલ્હાદક બને. સૌપ્રથમ થોડાક સંકલ્પ લેવા પડશે, જેમકે એમણે પોતાના ચરણને આચરણ પર મહત્વ આપતા માર્ગ બાજુ વાળવા પડશે! જે હાથ સતત બધું લેવા આગળ વધતા હતાં, એને આપવા માટે તૈયાર કરવાં પડશે, કાનને મારો કાપોની કર્કશ ધ્વનિથી દૂર લઈ જઈ, ભજન કીર્તનનાં આદિ બનાવવા પડશે! શ્વાસને સકારાત્મકતાનું સ્મરણ કરાવવું પડશે, અને આંખોને ઈશ્વર માત્ર બહાર મૂર્તિમાં જ નથી, અંદર પણ એ જ શ્વસે છે, એટલે અંદર ઝાકવું પડશે, અને ત્યાં જેને અનુસરવાથી દિવ્ય પ્રકાશ અનુભવાય એ જ આપણો ધર્મ છે! એ જ આપણી સંસ્કૃતિ છે! અને આખી જિંદગી એને જ અનુસરવું એવું ખુદને વચન આપવું પડશે! બસ આટલું જ કરવાનું છે! થશે ને??? ધર્મને નામે અધર્મમાં ક્યારેય જોતરાઈશ નહીં! તેમજ ધર્મ એ દંભ દેખાડો કરવાનું ક્ષેત્ર નથી, માટે એને સ્ટેટ્સ સિમ્બોલ નહીં બનાવું! અને જે મને માત્ર અનુયાયી બનાવે નહીં, પણ તું પણ ઈશ્વરનું જ સંતાન છે! એવું સમજાવે એ મારો ધર્મ છે. જેમ માતા પિતા પોતાના સંતાનની બધી જ ભૂલ માફ કરતા હોય છે, તેમ ઈશ્વર પણ બધા જ અપરાધ માફ કરશે! એનાથી કંઈ પણ છુપાવીશ નહીં, બધું જ આત્મ નિવેદન કરી શરણાગતિ સ્વીકારીને એ ચરણોમાં જ શાંતિ અને મુક્તિ બંને વસે છે! એમ જે નિર્ભય બનાવે, અભય પદ આપે, એ જ મારો સાચો સનાતન હિન્દુ ધર્મ છે, અને હું એને જ અનુસરીશ! તો આપણે સૌ આવા શુદ્ધ સંસ્કારનું યોગ્ય જતન કરીને પેઢી દર પેઢી વહન કરી શકીએ,અને સનાતન ધર્મનો પાયો મજબૂત બનાવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર, તેમ અંદર કારણ શરીર છે, સૂક્ષ્મ શરીરની અંદર રહેલી વાસનાઓને કારણ શરીર છે**

# સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે,પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે, એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


**જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે, આ બંને દુઃખ સરખા છે, આ દુઃખોનો અંત આવતો શ્રી જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે, સંસારમાં માયા કોઇને છોડતી નથી, જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે, તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે, પૈસાનો પ્રેમ ટકતો નથી, પછી લાડી સાથે પ્રેમ કરે છે.**

સંત ન હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ. આજે ગુજરાતમાં બે ત્રણ જગ્યાએ મંદિરના મહંત બાબતે વિવાદ ચાલી રહ્યો છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઈચ્છા થાય છે. વૃદ્ધાવસ્થામાં આ લૂલી બહુ પજવે છે. હજી શરીર સારું છે, ત્યાં સુધી બાજી હાથમાં છે ત્યાં સુધી પ્રભુને રાજી કરો તો બેડો પાર છે. મરણ પથારીમાં પડયા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે. આપ્તજન પણ મને કંઈ મળશે એવી ઈચ્છાથી સેવા કરે છે. બધાં સ્વાર્થનાં સગાં ભેગાં થાય છે. ભાગવતમાં સગાંઓને શિયાળ, કૂતરા જેવાં કહ્યાં છે. છેવટે ડોસો એકલો રડતો રડતો જાય છે. જાણે છે કે હું જઈશ ત્યારે કોઈ સ્ત્રી-પુરુષ સાથે આવશે નહીં. મારે એકલાને જવું પડશે છતાં વિવેક રહેતો નથી. યમદૂતો આ જીવાત્માને શરીરમાંથી બહાર કાઢે છે. અંતકાળમાં બે યમદૂતો આવે છે. પાપ પુરુષ અને પુણ્ય પુરુષ. પુણ્ય પુરુષ કહે છે, તને પુણ્ય કરવાની તક આપી છતાં તે પૂણ્ય કદી કર્યું નહીં. આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે જે પ્રાણને સ્થિર કરે છે તેને કરી શકતા નથી. મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર, તેમ અંદર કારણ શરીર છે. સૂક્ષ્મ શરીરની અંદર રહેલી વાસનાઓને કારણ શરીર છે. યમદૂતો જીવાત્માને સૂક્ષ્મ શરીર સાથે યમપુરીમાં લઈ જાય છે. અતિપાપી માટે યમપુરીનો માર્ગ ભયંકર છે. પાપીને ગરમ રેતી ઉપર ચાલવું પડે છે. ચિત્ર ગુપ્ત જીવાત્માએ કરેલાં પાપ પુણ્ય જીવાત્માને દરબારમાં સંભળાવે છે. ચૌદ સાક્ષીઓસાક્ષી આપે છે. પછી જીવાત્માને પાપ કબૂલ કરવું પડે છે. પૃથ્વી, ચંદ્ર વગેરે ચૌદ સાક્ષીઓ છે. પાપ પ્રમાણે નરકની સજા થાય છે. જો કોઈ જીવનાં પાપ- પુણ્ય સરખા હોય તો તે ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય જ હોય તો સ્વર્ગમાં જાય છે. પુણ્ય ખૂટી જાય એટલે ફરીથી મનુષ્ય લોકમાં જન્મ લેવો પડે છે અને આમ અનેક જન્મ મરણનું દુઃખ ભોગવે છે. ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે. વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી. ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો. મહાત્માને દયા આવી.ઉંદરને કહ્યું, તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું, હું બિલાડી બની જાઉં તો પછી કોઈની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવીદો મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી. એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડયો. ત્યારે બિલાડીએ કહ્યું, મહારાજ, મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો.એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડયો. એટલે કૂતરો કહે, મહારાજ મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસકવૃત્તિ જાગૃત થઈ. તેણે વિચાર્યું, આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો. આ ઉંદર- બિલાડી ની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે. માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યો કે, હું ઈશ્વર માં માનતો નથી.ધર્મમાં માનતો નથી! ભગવાન ક્યા ચીજ હૈ! પણ ભગવાન કહે છે કે,યાદ રાખ. હું તને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ.આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે. પશુપક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુઃખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે. જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પંજ ચૂંટો થાય છે. એક મહિનાના ગર્ભને માથું આવે છે,બે મહિનામાં હાથ-પગ, ત્રણ મહિતાયો તમવાળ ચાર મહિનામાં સાત ધાતુ, પાંચ મહિનામાં ભૂખ-તરસનું જ્ઞાન, છ મહિનામાં માતાના હેમાં ભ્રમણ, આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્ર થી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે. તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂચ્છાં પામે છે. વળી માતાએ ખાધેલા તીખા, ઊના ખારા,ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે. આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે. પણ કંઈપણ કરવાને તે અસમર્થ છે.સાતમે મહિને જીવાત્માને પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. તે ગર્ભમાં પ્રભુની સ્મૃતિ કરે છે, નાથ, મને બહાર કાઢો. ગર્ભવાસ અને નર્કવાસ સરખો છે.મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ. ગર્ભમાં જીવ ભગવાન આગળ મને પ્રતિજ્ઞાઓ કરે છે.પછી જન્મ વખતે અતિશય વેદનામાં પૂર્વ જન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભુલી જાય છે. બહાર આવતી વખતે અતિશય દુઃખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે. જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે. આ બંને દુઃખ સરખા છે. આ દુઃખોનો અંત આવતો શ્રી જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઇને છોડતી નથી.જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે.તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી. પછી લાડી સાથે પ્રેમ કરે છે.તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્ત્રીમાંથી ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે.આ રીતે જીવ જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે.હજી ક્યાં સુધી ભટકવું છે? તારા મનને રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું. જાતના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર.પરમાત્માના ચરણનો આશ્ચર્ય કરી જન્મ મરણના આગમતીર્થમાં પધાર્યા આજ પણ કપિલ ભગવાનના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું આમ માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ઊઠયા,ને કલકત્તા પાસે ગંગાસાગરના વાગત સમુદ્રે કર્યું છે.માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે સ્નાન કરે છે, ધ્યાન કરે કે, એટલે મનની શુદ્ધિ થાય છે.માતા દેવહુતિને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે.દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડ્યું છે. દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃ ગયા કહે છે. આ કપિલગીતા સાંભળવાથી શ્રોતા-વક્તાઓનાં અનેક પાપોનો નાશ થાય છે. સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે,પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે.એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો. આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે, પણ એનીહયાતી માં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો.એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકારામ મહારાજને ગધેડા પર બેસાડીને ફેરવેલા. પણ સંતને માન શું અને અપમાન શું? તુકારામને ગધેડો ગરુડ લાગે છે.તુકારામ મહારાજના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે, પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો. માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતો અને તે પણ પત્ની ના દુઃખને દૂર કરવા માટે. જ્યારે તુકારામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં, ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા.સંતોની સહનશક્તિ અલૌકિક હોય છે. સંતો માનથી આનંદિત કે અપમાનથી દુઃખી થતાં નથી. તેઓ માનઅપમાનને પી જાય છે. કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસ ભગવાને તેની દવા બતાવેલી જ છે.મહા કિંમતી દવા છે.હરે શ્રી કૃષ્ણ હરે શ્રીકૃષ્ણનો જપ કરવો કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપનો જન્મ આવે છે.બાજુ માં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે. વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં કંઇક મેળવવા પ્રયત્ન કરીએ છીએ. ત્યારે ઠંડીના પુનઃ આગમન સાથે ચિંતન મનન પોષનું કરશો તેવી આશા સહ અસ્તુ.

### ગણેશ આચાર્ય અને જાની માસ્ટરે કોરિયોગ્રાફી કરી છે

# ફિલ્મ ગેમ ચેન્જરઃ કિઆરા અડવાણી અને રામ ચરણના ૪ ગીત પાછળ રૂ.૭૫ કરોડ ખર્ચાયા

સાઉથના જાણીતા ડિરેક્ટર એસ.શંકર પોલિટિકલ એક્શન ડ્રામા ફિલ્મ 'ગેમ ચેન્જર' સાથે કમબૅક કરવા તૈયાર છે. આ ફિલ્મમાં રામ ચરણ અને કિઆરા અડવાણી મુખ્ય રોલમાં છે, આ ફિલ્મનું ટ્રેલર શુક્રવારે લૉંચ કરવામાં આવ્યું છે. જેને ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. આ સાથે આ ફિલ્મના મ્યુઝિકના રાઈટ્સ ધરાવતી કંપની દ્વારા એક્સ પર ખુલાસો કરવામાં આવ્યો છે કે ફિલ્મના મેકર્સ દ્વારા આ ફિલ્મના ૪ ગીતો માટે ૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે - 'જારાગંડી', 'રા માચા માચા', 'નાના હાયરાના' અને 'ધોપ' બધાં જ બહુ મોટા પાયા પર બનાવવામાં આવ્યા છે. તેમાંથી 'જારાગાંડી' ગીત પ્રભુ દેવાએ કોરિયોગ્રાફ કર્યું છે, જેમાં ૬૦૦ ડાન્સર્સ અને ૭૦ ફૂટનો ગામડાનો સેટ તૈયાર કરવામાં આવ્યો છે. આ ગીતનું શૂટ પુરું કરતાં જ ૧૩ દિવસ લાગ્યા હતા અને ડાન્સર્સ અને કલાકારો માટે જ્યુટના ઈકો ળેન્ડલી કોસ્ચ્યુમ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. તો બીજું ગીત 'રા માચા માચા' ગણેશ આચાર્ય દ્વારા કોરિયોગ્રાફ કરવામાં આવ્યું છે. તેમાં ૧૦૦૦ ડાન્સર્સ છે અને દેશના લોકનૃત્યોને તેમાં સમાવવામાં આવ્યા છે. 'નાના હાયરાના' ભારતનું એવું પહેલું ગીત છે, જેમાં ઈન્ળારેડ કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, આ ગીત ન્યુઝીલેન્ડમાં શૂટ કરવામાં આવી હતી. તો 'ધૂપ' જાની માસ્ટર દ્વારા કોરિયોગ્રાફ કરવામાં આવ્યું છે અને તેમાં ૧૦૦ રશિયન ડાન્સર્સ સાથે શૂટ કરવામાં આવ્યું છે.



તેને શૂટ કરવામાં આઠ દિવસ થયાં હતાં. આમ, 'ગેમ ચેન્જર'ના દરેક ગીતની અલગ-અલગ ખાસિયત છે અને તેના માટે તોતિંગ ખર્ચ થયો છે. ત્યારે ડિરેક્ટર એસ.શંકરના ફૅન્સે તેમની તરફેણ કરી હતી અને કહ્યું હતું કે તેમની ફિલ્મોના ગીતો હંમેશા ઝાકમઝોળ અને ભવ્યાતિભવ્ય જ હોય છે. તેનું ઉદાહરણ ઐશ્વર્યા રાયની પહેલી ફિલ્મ 'જિન્સ'ના ગીતો પણ છે. જોકે, માત્ર ગીતો પાછળ ૭૫ કરોડના ખર્ચ સાથે ઘણા લોકો અસહમત પણ છે. તેમને આ પૈસાનો વ્યય લાગે છે. ગેમ ચેન્જરમાં અંજલિ, સમુથિરકણી, એસજે સૂર્યા, શ્રિકાંત, પ્રાકાશ રાજ અને સુનિલ જેવા કલાકારો છે અને આ ફિલ્મ ૧૦ જાન્યુઆરીએ રિલીઝ થશે.

### પોસ્ટ દ્વારા શુભેચ્છા | શાહરૂખ ખાને જુનેદ-ખુશીને અભિનંદન પાઠવ્યા હતા

# 'લવયાપાથી ડેબ્યુ કરી રહેલા જુનૈદને શાહરૂખ અને સલમાનના આશીર્વાદ

શાહરૂખ ખાન અને સલમાન ખાને આમીર ખાનના પુત્ર જુનેદ ખાન અને ખુશી કપૂરને તેમની આગામી ફિલ્મ 'લવયાપા' માટે અભિનંદન પાઠવ્યા છે. સુપરસ્ટાર્સે તેને પોસ્ટ કરીને શુભેચ્છા પાઠવી છે. શાહરૂખ ખાને જુનૈદ ખાનને સૌમ્ય કહ્યું સલમાન ખાને ખુશી કપૂરને પોસ્ટ દ્વારા લવયાપા માટે શુભેચ્છા પાઠવી છેશાહરૂખ ખાન-સલમાન ખાન લવયાપાને સપોર્ટ કરે છેઃ આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન મોટા પડદા પર ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. તેની ફિલ્મ 'લવ્યપા' ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં આવશે. આ ફિલ્મમાં તે ખુશી કપૂર સાથે પ્રેમ કરતો જોવા મળશે.આજે ફિલ્મનું ટાઈટલ ટ્રૅક રિલીઝ કરવામાં આવ્યું છે જેને ચાહકોની સાથે સાથે સેલેબ્સ તરફથી પણ ઘણો પ્રેમ મળી રહ્યો છે. શાહરૂખ ખાન અને સલમાન ખાને પણ કલાકારોને તેમની આગામી ફિલ્મ માટે અભિનંદન પાઠવ્યા છે. શાહરૂખ ખાન અને સલમાન ખાને તેમના મિત્ર આમિર ખાનના પુત્ર જુનૈદ ખાનને તેમની ફિલ્મ માટે આશીર્વાદ આપ્યા છે. શાહરૂખ ખાને એક્સ પર પોસ્ટ કરતા ફિલ્મની ટીમને અભિનંદન પાઠવ્યા છે. એક્સ પર 'લવયાપા'નું ટાઈટલ ટ્રૅક શેર કરતી વખતે કિંગ ખાને લખ્યું- 'આ ગીત ખૂબ જ સુંદર છે. સલમાન ખાને તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર 'લવયાપા'નું ટાઈટલ ટ્રૅક પણ શેર કર્યું છે. આ સાથે તેણે કેપ્શનમાં લખ્યું છે - 'લવ ઈઝ ઓવર.' જુનેદ ખાન અને ખુશી કપૂરને શુભેચ્છા.જણાવી દઈએ કે 'લવયાપા' એક રોમેન્ટિક ફિલ્મ છે જેના દ્વારા જુનૈદ ખાન અને ખુશી કપૂર મોટા પડદા પર ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. અગાઉ જુનૈદ નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી ફિલ્મ મહારાજમાં જોવા મળ્યો હતો. ખુશી નેટફ્લિક્સની ધ આર્ચીઝમાં જોવા મળી હતી.'લવયાપા'ની સ્ટાર કાસ્ટની વાત કરીએ તો ફિલ્મમાં રાધિકા સરથકુમાર, સત્યરાજ, યોગી બાબુ, એજાઝ ખાન, રવિના રવિ, અદનાન સિદ્દીકી અને સ્વાતિ વર્મા જેવા કલાકારો પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.





### ફિલ્મે તોડ્યા કમાણીના તમામ રેકોર્ડ

# ચીનના થિયેટરમાં ભારતીય ફિલ્મ મહારાજાનો દબદબો

### એક મહિનાતી પણ ઓછા સમયમાં આ ૨૦૧૬ અને ૨૦૧૮ પછી ચીનમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે




એક તરફ જ્યાં બોક્સ ઓફિસ પર પુષ્પા ટુનો જાદુ છવાયેલો છે, પરંતુ આ બધા વચ્ચે એક ફિલ્મ દબાયેલા પગલે પડોશી દેશ ચીનમાં તહેલકો મચાવી રહી છે. આ ફિલ્મ ૨૦ કરોડ રૂપિયામાં બની હતી. આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર પણ રિલીઝ થઈ ગઈ છે અને ત્યાર બાદ મહિનાઓ સુધી આ ફિલ્મ ટોપ ટ્રેન્ડિંગ લિસ્ટમાં ટોપ પર છે.અમે જે ફિલ્મ વાત કરી રહ્યા છીએ એ ફિલ્મ છે વિજય સેતુપતિની મહારાજા ૨૯મી નવેમ્બરથી આ ફિલ્મ ચીનમાં દમદાર કલેક્શન કરી રહી છે. એક મહિનાતી પણ ઓછા સમયમાં આ ૨૦૧૬ અને ૨૦૧૮ પછી ચીનમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે એકશન-થ્રિલર ફિલ્મની સ્ટોરી ચીનના થિયેટરમાં ઓડિયન્સને રોવા માટે મજબૂર કરી હતી.નિથિલન સ્વામીનાથનની તમિળ એક્શન થ્રિલર ફિલ્મ મહારાજામાં વિજય સેતુપતિ લીડ રોલમાં છે, પરંતુ આ ફિલ્મ નવેમ્બર મહિનાથી ચીની થિયેટરમાં ધમાલ મચાવી રહી છે. એક મહિનાતી પણ ઓછા સમયમાં આ ૨૦૧૬ અને ૨૦૧૮ પછી ચીનમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.આ પહેલાં અદ્વૈત ચંદનની ફિલ્મ સિક્રેટ સુપરસ્ટાપ હતી. આ ફિલ્મે ૩૧મા દિવસે ૯૧.૫૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે જ ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન ૧૯૯.૧૦ કરોડ રૂપિયા અને ઓવરસીઝ કલેક્શન ૧૧૫.૬૦ કરોડ રૂપિયા થઈ ગયું છે.ભારતમાં ચીની દુતાવસના પ્રવક્તા યૂ જિંગે રવિવારે પોતાને એક્સ હેન્ડલ પરથી ચીનમાં મહારાજાના બોક્સ ઓફિસ પર્ફૉર્મન્સ પર અપડેટ શેર કર્યું હતું. એક મહિનાતી પણ ઓછા સમયમાં આ ૨૦૧૬ અને ૨૦૧૮ પછી ચીનમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે, તેમણે ફિલ્મનું પોસ્ટર શેર કર્યું હતું, જેની કેપ્શનમાં લખ્યું હતું કે મહારાજા ૨૦૧૮ પછી ચીનમાં સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ છે, જેણે ૯૧.૫૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.વિજય સેતુપતિની તમિળ ફિલ્મ મહારાજાનો ડંકો ચીન બોક્સ ઓફિસ પર વાગી રહ્યો છે. જ્યારે આ ફિલ્મ અનેક રેકોર્ડ બની ગઈ છે. ભારતમાં ૧૦૦ કરોડ રૂપિયાનું બોક્સ ઓફિસ કલેક્શન કરીને બાદમાં ઓટીટી પ્લેટફોર્મ નેટફિલક્સ પર ૨૦૨૪થી સૌથી વધુ જોવાયેલી ફિલ્મ છે. ભારત જ નહીં દુનિયાના ૧૦થી વધુ દેશોમાં મહારાજાએ ઓટીટી પર નંબર વનની પોઝિશન હાંસિલ કરી હતી.

# અક્ષય કુમાર ફરી આવ્યો રિયલ સ્ટોરી સાથે : સ્કાય ફોર્સનું ટ્રેલર લોંચ





### ટ્રેલર જોઈને લાગે છે કે ફિલ્મ ૧૯૬૫ના ભારત પાકિસ્તાન યુદ્ધની પુષ્ઠભૂમિ સાથે બની છે

એક સફળ ફિલ્મ માટે તરસી રહેલા અક્ષય કુમારને ૨૦૨૪માં તો સફળતા ન મળી ત્યારે હવે ૨૦૨૫ની તેની પહેલી ફિલ્મ 'સ્કાય ફોર્સ'નું ટ્રેલર લૉંચ થયું છે. મુંબઈમાં ટ્રેલર લૉંચ વખતે અક્કી સાથે સૌનું ધ્યાન નવા અભિનેતા વીર પહાડીયા તરફ પણ ગયું હતું. ફિલ્મમાં અક્ષય અને વીર એરફોર્સ ઓફિસર તરીકે જોવા મળશે. ટ્રેલર જોઈને લાગે છે કે ફિલ્મ ૧૯૬૫ના ભારત પાકિસ્તાન યુદ્ધની પુષ્ઠભૂમિ સાથે બની છે. અક્ષય અને વીર એરફોર્સમાં ઓફિસર છે અને પાકિસ્તાન પર હુમલો બોલી દે છે. હુમલામાં વીર ગાયબ થઈ જાય છે, યુદ્ધ ઉપરાંત વીરને શોધવાની વાર્તા પણ આ ફિલ્મમાં વણી લેવામાં આવી છે. સારા અને નિમરત કૌર સાથે શરદ કેળકર પણ ફિલ્મમાં જોવા મળશે. ટ્રેલર જોઈને લાગે છે કે ફિલ્મ ૧૯૬૫ના ભારત પાકિસ્તાન યુદ્ધની પુષ્ઠભૂમિ સાથે બની છે, જોકે ભારત પાકિસ્તાનના યુદ્ધ પર ઘણી ફિલ્મો આવી છે અને દર વખતે દેશપ્રેમથી ભરેલા ડાયલૉગ્સ સાથે આવતી હોય છે ત્યારે દિનેશ વિજનની આ ફિલ્મ કેટલી ચાલશે તે જાન્યુઆરીના અંતમાં ફિલ્મ રિલિઝ થશે ત્યારે જ ખબર પડશે. અક્ષય કુમાર અને તેના ફેન્સ એક સારી ફિલ્મની રાહ જોઈ રહ્યા છે અને અક્કીને એક સફળ ફિલ્મની જરૂર છે તે વાત નક્કી છે ત્યારે નવોદિત વીર પહાડીયા માટે પણ આ ફિલ્મ મહત્વની છે.




### ડિલિટેડ સીન ૪૯ વર્ષ પછી વાયરલ

# 'શોલે'નો એ સીન કે જે પરદા પર ક્યારેય નથી દેખાયો તે સામે આવ્યો




### અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર અને હેમા માલિનીની ઓલ ટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મ 'શોલે'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી

આજે પણ લોકો અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્રની 'શોલે'ને ભૂલી શક્યા નથી. આ ફિલ્મે એવો રેકોર્ડ બનાવ્યો હતો, જેને વર્ષો સુધી કોઈ ફિલ્મ તોડી શકી નથી. મિત્રતા પર આધારિત આ મલ્ટીસ્ટારર ફિલ્મમાં અમજદ ખાનના કેટલાક દ્રશ્યો એવા હતા કે જેને જોઈને સેન્સર બોર્ડ પણ ચોંકી ગયું અને તે દ્રશ્યો પર કાતર ચલાવી. ૪૯ વર્ષ બાદ હવે ફિલ્મનો એક ડીલીટ કરવામાં આવેલો સીન સામે આવ્યો છે.અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર અને હેમા માલિનીની ઓલ ટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મ 'શોલે'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. ૧૯૭૫ની ઓલટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મ શોલેની ગણતરી હિન્દી સિનેમાની સદાબહાર ફિલ્મોમાં થાય છે. લોકો આજે પણ આ ફિલ્મ જોવાનું પસંદ કરે છે. ફિલ્મમાં ધર્મેન્દ્ર અને અમિતાભ બચ્ચનની જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી. લોકોને ફિલ્મની વાર્તા એટલી પસંદ આવી કે તેઓ દિવાના થઈ ગયા. ફિલ્મની રિલીઝ પહેલા સેન્સર બોર્ડે તેમાં અનેક કટ કર્યા હતા. એક કટ સીન આ દિવસોમાં વાયરલ થઈ રહ્યો છે.શોલેનો દરેક ડાયલોગ આજે પણ ઘણો જ ફેમસ છે. ફિલ્મમાં એક ડાયલોગ છે, 'પચાસ કિલોમીટર દુર સે બચ્ચાં રોતા હે તો માં કહતી હૈ સો જા વરના ગબ્બર આયેગા'. લોકોને આ ડાયલોગ ખૂબ જ પસંદ આવ્યો. ફિલ્મમાં ગબ્બર એટલે કે અમજદ ખાનના પાત્રના ડરને કારણે ઘણા ડાયલોગ અને સીન કાપી નાખવામાં આવ્યા હતા. તે દ્રશ્યો ફિલ્મમાં બતાવવામાં આવ્યા ન હતા. સેન્સર બોર્ડે તેમને કાપી નાખ્યા હતા. હવે આવો જ એક સીન વાયરલ થઈ રહ્યો છે, જેમાં ગબ્બર સિંહનું નિર્દય રૂપ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ઓલ્ડ ઈઝ ગોલ્ડ નામના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફિલ્મ શોલેનો એક ફોટો શેર કરવામાં આવ્યો છે. આ ફોટો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ફોટામાં અમજદ ખાન ઉભેલા જોવા મળે છે અને સચિન પિલગાંવકર નજીકમાં જમીન પર પડેલા જોવા મળે છે. સચિને આ ફિલ્મમાં અહેમદની ભૂમિકા ભજવી હતી.



### તેના હોસ્પિટલ જવાથી હોસ્પિટલના મેનેજમેન્ટ અને દર્દીઓને તકલીફ

# બોલો, હવે અલ્લુ અર્જુન આરોપી નંબર ૧૧ તરીકે ઓળખાવા લાગ્યો


ફિલ્મ 'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન નાસભાગ દરમિયાન એક મહિલાના મોત મામલે તેલુગુ અભિનેતા અલ્લુ અર્જુન રવિવારે પોલીસ સમક્ષ હાજર થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે અભિનેતા ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનના એસએચઓ સમક્ષ હાજર થયો હતો અને કોર્ટની ઔપ ચારિકતા પૂર્ણ કરી અને ત્યાંથી રવાના થયો હતો. આ કેસમાં અલ્લુ અર્જુનને આરોપી નંબર ૧૧ તરીકે ઓળખવામાં આવી રહ્યો છે, જે સોશિયલ મીડિયા પર ચર્ચાનું કારણ બન્યો છે.નોંધનીય છે કે આ કેસમાં અલ્લુ અર્જુનને ૩ જાન્યુઆરીએ કોર્ટે નિયમિત જામીન આપ્યા હતા. કોર્ટના નિર્દેશો મુજબ, અભિનેતાએ દર રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યાની વચ્ચે બે મહિનાના સમયગાળા માટે અથવા ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી તપાસ અધિકારી સમક્ષ હાજર રહેવું પડશે. આ સિવાય કોર્ટે અલ્લુ અર્જુનને કોર્ટને જાણ કર્યા વિના પ ેતાનું સરનામું ન બદલવાનો નિર્દેશ આપ્યો હતો અને મંજૂરી વિના વિદેશ જવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. જ્યાં સુધી આ મામલે નિર્ણય ન લેવાય ત્યાં સુધી આ શરતો અમલમાં રહેશે.૪ ડિસેમ્બરે હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં 'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન અભિનેતાની એક ઝલક મેળવવા માટે મોટી સંખ્યામાં ચાહકો એકઠા થયા હતા અને દરમિયાન નાસભાગ થતા એક ૩૫ વર્ષની મહિલાનું મોત થયું હતું અને તેનો આઠ વર્ષનો પુત્ર ઘાયલ થયો હતો.દરમિયાન રામગોપાલપેટ પોલીસ સ્ટેશનના પ્રભારીએ અલ્લુ અર્જુનને નોટિસ મોકલીને રવિવારે હોસ્પિટલમાં જવાના તેના પ્લાન પર ફરીથી વિચાર કરવા કહ્યું હતું કારણ કે આ કેસમાં લોકોને વધુ રસ છે. પોલીસે અભિનેતાને એ સુનિશ્ચિત કરવા કહ્યું હતું કે તેના હોસ્પિટલ જવાથી હોસ્પિટલના મેનેજમેન્ટ અને દર્દીઓને તકલીફ પડી શકે છે.




### દેવાનું દમદાર ટીઝર રિલીઝ | એક્શનપેક ફિલ્મ હોય તેમ લાગે છે અને શાહિદ પોલીસની ભૂમિકામાં હોવાનું જમાય છે

# શાહિદે એક મિનિટમાં ડાન્સ-એક્શનથી જમાવ્યો રંગ

હિન્દી સિનેમાજગતનો એક વર્સટાઈલ એક્ટર શાહિદ કપૂર છે અને તેણે આ તેની ઘણી ફિલ્મોમાં સાબિત કર્યું છે. બોલીવૂડમાં એન્ટર થયો ત્યારે રોમાન્ટિક ચોકલેટ બૉય હતો, પણ પછીથી તેણે પોતાની ઈમેજ બદલી એક્શન હીરોની કરી અને બન્નેમાં તે હીટ ગયો. સારા અભિનેતા સાથે શાહિદ સારો ડાન્સર છે ત્યારે શામકદાવર સ્કૂલનો આ સ્ટૂડન્ટ ફરી પોતાની ડાન્સિંગ અને એકિંટગ સ્કીલ બતાવવા આવી રહ્યો છે. શાહિદની ફિલ્મ દેવાનું ટીઝર લૉંચ થયું છે અને એકાદ મિનિટમાં તો શાહિદે ધમાલ કરી નાખી છે.ટીઝર પરથી દેવા એક એક્શનપેક ફિલ્મ હોય તેમ લાગે છે અને શાહિદ પોલીસની ભૂમિકામાં હોવાનું જમાય છે. રોશન એન્ડ્રસને આ પ્રકારનું ટીઝર બનાવવા માટે પણ દાદ આપવી પડે. કોઈ ડાયલૉગ્સ નથી કે સ્ટોરીનો એક અંશ પણ ખબર પડતી નથી, માત્ર શાહીદના ડાન્સિંગ સ્ટેપ્સ અને એક્શન છે અને બન્ને એટલા દમદાર છે કે ફિલ્મ જોવાની ઈચ્છા થઈ જાય.૩૧મી જાન્યુઆરીએ રિલિઝ થનારી આ ફિલ્મ તેરી બાતોંમે ઐસા ઉલઝા જીયા બાદ આવેલી ફિલ્મ છે. તેની બાતોંમેમાં શાહિદનો અલજ અવતાર હતો. તેમના ડાન્સર તરીકે તે પાછો જોવા મળ્યો હતો. તે પહેલા કબીર સિંહ, ઉડતા પંજાબ અને બ્લડી ડેડીમાં શાહીદનું અલગ જ રૂપ હતું.



# વિપ્ર ફાઉન્ડેશન બાંસવાડા જિલ્લાની બેઠક આનંદપુરી મુકામે યોજાઈ : ઝાલોદ મુકામે રચના કરવા અંગે ચર્ચા કરાઇ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

રાજસ્થાન રાજ્યના બાંસવાડા જિલ્લાની વિપ્ર ફાઉન્ડેશનની જિલ્લા લેવલની મીટીંગ આનંદપુરી મુકામે યોજાઈ હતી. આજની આ મીટીંગમાં બાંસવાડા જિલ્લાના વિવિધ ક્ષેત્રોમાં સુંદર પ્રદર્શન કરી સમાજનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓનું સન્મામ કરવામાં આવ્યું હતું તેમજ સમાજના વિવિધ ક્ષેત્રોમાં સમાજની પ્રગતિ તેમજ વિકાસ માટેના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આજની વિપ્ર ફાઉન્ડેશનની મીટીંગમાં ઝાલોદ નગરના બ્રહ્મ સમાજના પ્રમુખ વિજય પંડિત તથા સમાજના મંત્રી પંકજ પંડિતને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઝાલોદના પ્રમુખને દાહોદ જિલ્લામાં વિપ્ર ફાઉન્ડેશનનું ગઠન કરી મજબૂત બનાવવાની જવાબદારી આપવામાં આવી હતી. આ જવાબદારી જલ્દી પૂરી કરવાની બાંહેધરી ઝાલોદ બ્રહ્મ સમાજના પ્રમુખ દ્વારા આપવામાં આવી હતી.

હાલ સમગ્ર ભારતમાં વિપ્ર ફાઉન્ડેશન દ્વારા દરેક રાજ્યમાં વિપ્ર સંગઠન બનાવી અને આ સંગઠન જિલ્લા તેમજ તાલુકા સ્તર સુધી સંગઠનની રચના કરી બ્રહ્મ સમાજના વિકાસ માટે સતત કાર્યરત છે. તે અંતર્ગત દાહોદ જિલ્લા અને મધ્યપ્રદેશમાં ઝાબુઆ જિલ્લામાં પણ વિપ્ર ફાઉન્ડેશનના નેજા હેઠળ તાત્કાલિક જિલ્લા સ્તરની તેમજ તાલુકા લેવલની સમિતિ બનાવી ત્રણ રાજ્યોના ત્રણ જિલ્લા જે એક બીજાને અડીને આવેલ છે અને તેઓ કોઈક ને કોઈક રીતે એક બીજા સાથે સંકળાયેલ છે.આ સંકલનને એક મજબૂત સંગઠન બનાવી સમાજનો વિકાસ થાય તે માટે વિજય ભાઈ પંડિત સંગઠન પર પોતાના વિચાર મૂક્યા હતા.જે ઉપસ્થિતિ તમામ સંગઠનના અધિકારી તેમજ સભ્યોએ આવકાર્યો હતો.

ઉપરોક્ત કાર્યક્રમમાં કૈલાશ પારીખ દ્વારા સર્વે વિપ્રોનું સ્વાગત કર્યુ હતું. તેમજ વિપ્ર ફાઉન્ડેશન રાજસ્થાનના પ્રદેશ મહામંત્રી યોગેશ જોષીએ વિપ્ર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવતા કાર્યોનો વિસ્તૃત ચિતાર રજૂ કર્યો હતો અને આગામી દિવસમાં વિપ્ર ફાઉન્ડેશન દ્વારા સામૂહિક જનોઈ કાર્યક્રમ તેમજ યુવક યુવતી પરિચય સંમેલન કરવાનું આયોજન કરેલ છે. સભામાં ખૂબ મોટી સંખ્યામાં મહિલા પદાધિકારીઓએ હાજરી આપી હતી. સભાનું સંચાલન કલ્પેશ પંડ્યાએ કર્યુ હતું.

# મુકેશભાઈ પટેલના હસ્તે રૂ. ૪૨ કરોડના ખર્ચે સુરત અને ભરૂચ જિલ્લાના ઉકાઈ કાકરાપાર સિંચાઈ યોજના હેઠળ નહેર આધુનિકીકરણના કામોનું ખાતમુહૂર્ત




। (માહિતી) ભરૂચ, તા.૬ ।

વન, પર્યાવરણ, પાણી પુરવઠા, જળસંપત્તિ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે ઓલપાડ તાલુકાના કીમ ખાતે રૂ. રૂ.૪૨ કરોડના ખર્ચે સુરત અને ભરૂચ જિલ્લાના ઉકાઈ કાકરાપાર સિંચાઈ યોજના હેઠળ નહેર આધુનિકીકરણના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે સાંસદશ્રીઓ પ્રભુભાઈ વસાવા અને મુકેશભાઈ દલાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ ઈ માધ્યમથી કામોનું સામૂહિક ખાતમુહૂર્ત કર્યું હતું. કીમ સહકારી જીન મંડળીના પ્રાંગણમાં આયોજિત સમારોહમાં મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, દક્ષિણ ગુજરાતના ખેડૂતો સહકારી ક્ષેત્ર સાથે મજબૂત રીતે જોડાયેલા છે. સહકારી ક્ષેત્ર ભારતના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે, જે દેશની જીડીપીમાં મોટું યોગદાન આપે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા સહકારી ક્ષેત્રનું વિશેષ યોગદાન રહેવાનું છે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટે ખાસ પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ અલાયદા સહકાર મંત્રાલયની સ્થાપના થઈ છે, જેનાથી આ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન થવાનું શરૂ થયું છે. આ પ્રયત્નો થકી સહકારિતા એક નવી ઊંચાઈ પર પહોંચશે અને દેશના સામાજિક તેમજ આર્થિક વિકાસમાં મજબૂત આધારશિલા પૂરી પાડશે.

# બારડોલીની વાઘેચા આશ્રમશાળા ખાતે દક્ષિણ ઝોન કક્ષાના બાળવૈજ્ઞાનિક પ્રદર્શનમાં ઉપસ્થિત રહી બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરતા આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ

। (માહિતી) બારડોલી, તા.૬ ।

બારડોલી તાલુકાના વાઘેચા સ્થિત આશ્રમશાળા ખાતે તા.૫ થી ૭ જાન્યુ. દરમિયાન આયોજિત દક્ષિણ ઝોન કક્ષાના 'બાળવૈજ્ઞાનિક પ્રદર્શનઃ ૨૦૨૪-૨૫'ના બીજા દિવસે આદિજાતિ વિકાસ અને શ્રમ રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ ઉપસ્થિત રહી બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી કચેરી, શાસનાધિકારી કચેરી અને હળપતિ સેવા સંઘ- બારડોલી સંચાલિત વાઘેચા આશ્રમશાળાના સંયુક્ત ઉપક્રમે 'ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી'ની થીમ પર યોજાઈ રહેલા વિજ્ઞાન પ્રદર્શનમાં બાળવૈજ્ઞાનિકોએ ૭૦ કૃતિઓ રજૂ કરી પોતાનું વૈજ્ઞાનિક કૌશલ્ય દર્શાવી રહ્યા છે. આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે રસ અને જિજ્ઞાસા વિકસાવવા માટે બાળવૈજ્ઞાનિક પ્રદર્શન મહત્વનું માધ્યમ બની રહ્યું છે.

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એપીજે અબ્દુલ કલામ વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે લગાવના મજબૂત આધાર પર મહાન વૈજ્ઞાનિક બન્યા હતા. બાળકોને શાળાકક્ષાએથી જ વિજ્ઞાન વિષયમાં રસ રાખીને આગળ વધવાની પ્રેરણા આપતા તેમણે ઉમેર્યું કે, આશ્રમશાળામાં અભ્યાસ કરીને આદિવાસી સમાજના ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ સરકારી, ખાનગી ક્ષેત્રે ઉચ્ચ હોદ્દા પર નોકરી મેળવી સમાજ



અને દેશનું નામ રોશન કરી રહ્યા છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, આદિવાસી સમાજના ઉત્થાન માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. રાજ્ય સરકારે આદિજાતિ વિકાસ માટે રૂ. ૪,૪૭૪ કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે, જેના માધ્યમથી આદિવાસી સમાજનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. વનબંધુ યોજના દ્વારા છેવાડાના ગરીબ આદિવાસી પરિવારોને અનેક લાભો મળ્યા છે. આજે આદિવાસી સમાજના દિકરા-દિકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે કોઈ અવરોધ નથી. આદિજાતિ બાળકો ડૉક્ટર, એન્જિનિયર, પાઈલોટ બની શકે એ તે માટે સરકાર રૂ.૧૫ લાખ સુધીની લોન સહાય પૂરી પાડે છે, જે આદિવાસી યુવાઓના વિકાસમાં મહત્વનું પગલું સાબિત થઈ રહ્યું છે. દેશને વિકસિત બનાવવા માટે યુવાનોએ આગળ આવી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું જરૂરી છે એવો મત વ્યક્ત કરતા શ્રી હળપતિએ કહ્યું કે શિક્ષિત યુવાનોથી તો દેશ પણ શિક્ષિત અને વિકસિત બનશે. મહેનત સાથે અભ્યાસ કરીને પરિવાર, રાજ્ય અને દેશનું નામ રોશન કરવાની દરેક યુવાનની જવાબદારી છે.

# ઓલ એજ ગ્રુપ નેશનલ જીમ્નાસ્ટીક ચેમ્પિયનશિપ વિથ ઓલ ડિસિપ્લીન સ્પર્ધાની પૂર્ણાહુતિ

। (માહિતી) વાપી, તા.૬ ।

ગુજરાત રાજ્યમાં વર્ષ-૨૦૩૬માં યોજાનાર ''ઓલિમ્પિક ગેમ્સ'' ના આયોજનના ભાગ રૂપે દેશમાં સૌપ્રથમવાર સુરતમાં જીમ્નાસ્ટીક રમતની આઠ જેટલી નેશનલ સ્પર્ધાનું આયોજન સુરતના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે ''સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત'', ''સુરત મહાનગર પાલિકા'' તથા ગુજરાત SBનાસ્ટીસ એસોશિએશન સંયુક્ત ઉપક્રમે તા.૨૫/૧૨/૨૦૨૪ થી તા.૪/૧/૨૦૨૫ દરમિયાન યોજાઈ હતી. પુર્ણાહુતિ પ્રસંગે રમતગમત અને યુવા, સાંસ્કૃતિક રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ઉપસ્થિત રહીને નેશનલ જિમ્નાસ્ટિક સ્પર્ધાના વિજેતાઓને મેડલ આપીને સન્માનિત કર્યા હતા. આ સ્પર્ધામાં આઠ પ્રકારની જીમ્નાસ્ટીક રમતની સ્પર્ધાઓ રમાઈ હતી. ભારતના ૩૨ રાજયોના અંદાજિત ૧૫૫૦ ખેલાડીઓ આશરે ૨૦૦ કોચ,૧૦૦ મેનેજર તેમજ ૧૭૦ જજો સ્પર્ધાને સફળ બનાવી હતી. આ SBનાસ્ટિક મેળામાં સબ જુનીયર, જુનીયર અને સીનીયર ભાઈઓની આર્ટિસ્ટિક અને બહેનોની રીધમીકની એપરેટર્સ ફાઈનલ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં પરિણામો જોઈએ તો બહેનો સબ જુનિયર રીધમીક જીમ્નાસ્ટિકસમાં હુપ ઈવેન્ટમાં (૧) પ્રથમ સ્થાને મહારાષ્ટ્રની સમીકા યતીન જોશી, (૨) દ્વિતીય ક્રમે મહારાષ્ટ્રની રિતિકા હિંગાલેનગર (૩) તૃતીય ક્રમે હરિયાણાના સાંઈ પ્રકાશ વિજેતા બન્યા હતા. *બોલ ઈવેન્ટ*માં (૧) સાઈ પ્રકાશ હરિયાણા -પ્રથમ (૨) અધિતા ચૌધરી- જમ્મુ એન્ડ કાશ્મીર - દ્વિતીય (૩) રીતિકા ઈંગોલ કર મહારાષ્ટ્ર- તૃતીય વિજેતા બન્યા હતા. ક્લબ્સ ઈવેન્ટ (૧) સાંઈ પ્રકાશ- હરિયાણા- પ્રથમ(૨) સિરત- હરિયાણા - દ્વિતીય (૩) રીતિકા ઈંગોલકર મહારાષ્ટ્ર -તૃતીય *રીબીન ઈવેન્ટ ઈવેન્ટ*માં (૧) સમીકા યતીન જોશી -મહારાષ્ટ્ર



-પ્રથમ (૨) રીતિકા ઈંગોલ કર -મહારાષ્ટ્ર- દ્વિતીય (૩) સાંઈ પ્રકાશ -હરિયાણા- તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. *ભાઈઓ અન્ડર ૧૨ ગ્રુપ*માં ફ્લોર એક્સરસાઈઝ : (૧) પ્રિયાંશુનાથ ઠાકોર -વેસ્ટ બંગાળ- પ્રથમ (૨) રુદ્રાસ હલદેલ -વેસ્ટ બંગાળ -દ્વિતીય (૩) અરગયા શ્રીવાસ્તવ -હરિયાણા -તૃતીય પેરેલલ બાર :(૧) પ્રિયાંશુનાથ ઠાકુર -વેસ્ટ બંગાળ- પ્રથમ (૨) ઓહીકા દાસ-ગોવા -દ્વિતીય (૩) પ્રિયમ મલિક - ઓરિસ્સા- તૃતીય સ્ટીલ રીંગ :(૧) પ્રિયાંશુ નાથ ઠાકોર -વેસ્ટ બંગાળ- પ્રથમ (૨) ખુશ -ઉત્તર પ્રદેશ-દ્વિતીય (૩) યથાર્થ કેસરવાની- ઉત્તર પ્રદેશ- તૃતીય પોમેલ હોર્સ(૧) સુભા -વેસ્ટ બંગાળ-પ્રથમ (૨)પ્રિયાંશુનાથ ઠાકોર -વેસ્ટ બંગાળ- દ્વિતીય (૩) ખુશ -ઉત્તર પ્રદેશ -તૃતીય વોલ્ટીગ ટેબલ (૧) યથાર્થ કેસરવાની- ઉત્તર પ્રદેશ- પ્રથમ (૨) જય નિતીન હાસિલ દાસ મહારાજ - દ્વિતીય(૩) એમ જસવિન- તમિલનાડુ -તૃતીય હોરીજન્ટલ બાર (૧) યથાર્થવાની ઉત્તર- પ્રદેશ -પ્રથમ(૨) મંથન સિંઘ -દિલ્હી -દ્વિતીય(૩) આરોગ્ય શ્રીવાસ્તવ- હરિયાણા -તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. આ અવસરે કૌશિક બીડીવાલા કોમ્પિટિશન ડાયરેક્ટર જીમ્નાસ્ટિક્સ મેલા, ઈન્ડિયન ઓલિમ્પિકના ભૂતપૂર્વ સિનિયર મોસ્ટ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વીરેન્દ્ર નાણાવટી, ગુજરાત ઓલિમ્પિક એસોસિયેશનના મંત્રીશ્રી ઈન્દ્રવદન નાણાવટી તેમજ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૬ જાન્યુઆરી ૨૦૨૫થી યોગા એક્સપ્રેસ ટ્રેનના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

। અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ-યોગ નગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ અમદાવાદને બદલે સાબરમતીથી ચાલશે.

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ સ્ટેશનને કાયાકલ્પ કરવામાં આવી રહયું છે અને આને વિશ્વસ્તરીય સ્ટેશન તરીકે પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે. પુનઃવિકાસના કામને ઝડપી બનાવવા ઉદ્દેશ્યથી અમદાબાદ રેલવે સ્ટેશનથી પ્રસ્થાન/આગમન કરનાર ટ્રેન નંબર ૧૯૦૩૧/૧૯૦૩૨ અમદાવાદ-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ ના ટર્મિનલ સ્ટેશનને અમદાવાદ થી સાબરમતી (ધરમનગર બાજુ) માં બદલવામાં આવી રહ્યું છે. જેની વિગતો નીચે મુજબ છે.

- ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ થી આગળની સૂચના સુધી ટ્રેન નંબર ૧૯૦૩૧ અમદાવાદ-યોગ નગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ અમદાવાદ ને બદલે સાબરમતી થી ૧૧:૨૫ કલાકે ઉપડશે.
- ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ થી આગળની સૂચના સુધી ઋષિકેશ ચાલતી ટ્રેન નંબર ૧૯૦૩૨ યોગ નગરી ઋષિકેશ - અમદાવાદ યોગા એક્સપ્રેસ અમદાવાદ ને બદલે સાબરમતી સ્ટેશન પર ૧૫:૨૦ કલાકે ટર્મિનેટ (સમાપ્ત) થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી કરવામાં આવે છે. ટ્રેનોના રોકાણ, સંરચના, માર્ગ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આદરજ મોટી – ગાંધીનગર સેક્શનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નં.૧૦ તારીખ ૮ જાન્યુઆરીના રોજ અને રેલવે ક્રોસિંગ નં.૯ તારીખ ૯ જાન્યુઆરીના રોજ અવરજવર માટે બંધ રહેશે

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર આદરજ મોટી – ગાંધીનગર સેક્શનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૧૦ કિ.મી. ૧૭/૮-૯ તારીખ ૦૮.૦૧.૨૦૨૫ ના રોજ સવારે ૦૮.૦૦ કલાકથી સાંજે ૧૯.૦૦ કલાક સુધી સમારકામ માટે અવરજવર માટે બંધ રહેશે. રોડ ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નં. ૦૯ કિ.મી. ૧૬/૧-૨ ગાંધીનગર પૂર્વ અને પશ્ચિમ તરફથી અવરજવર કરી શકે છે.

તથા રેલવે ક્રોસિંગ નં. ૦૯ કિ.મી. ૧૬/૧-૨ તારીખ ૦૯.૦૧.૨૦૨૫ ના રોજ સવારે ૦૮.૦૦ કલાકથી સાંજે ૧૯.૦૦ કલાક સુધી સમારકામ માટે અવરજવર માટે બંધ રહેશે. રોડ ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નં. ૧૦ કિ.મી. ૧૭/૮-૯ ગાંધીનગર પૂર્વ અને પશ્ચિમ તરફથી અવરજવર કરી શકે છે.

# પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫'ની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો

। (માહિતી) સુરત, તા.૬ ।

સુરત પોલીસ દ્વારા નેશનલ રોડ સેફટી ઓથોરિટી પ્રેરિત 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫'ની ઉજવણીનો સુરત શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે પ્રારંભ કરાવ્યો હતો. શાળા-કોલેજો, રસ્તાઓ પર લોકો માર્ગ સલામતીના નિયમોનું પાલન કરે તેવા આશયથી પોલીસ દ્વારા મહિના દરમિયાન વિશેષ જાગૃતિ કાર્યક્રમો યોજાશે. પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કાર્યક્રમમાં પોલીસ કમિશનરશ્રીએ સ્વચ્છ સુઘડ સુરત હવે ટ્રાફિક નિયમોના પાલનમાં દેશમાં નંબર વન બને તે માટે સૌના સહકારની અપેક્ષા વ્યકત કરી હતી. વધુમાં તેમણે કહ્યું કે, શહેરમાં ટ્રાફિક સિગ્નલને આર્ટિફિશિયલ ઈંટેલિજન્સ (AI) સાથે જોડીને ટ્રાફિકને નિયંત્રણ કરવામાં આવશે. મિની ભારત તરીકે ઓળખાતા સુરતમાં બાઈક ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા અને કાર ચલાવતી વખતે સીટ બેલ્ટ સાથે ટ્રાફિક સિગ્નલને અનુસરવા સૌ યુવાનો તમામ પરિવારજનો, નાગરિકોને અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સુરત શહેરમાં ટ્રાફિકને લઈને ગત વર્ષે ઘણા




પરિવર્તનો આવ્યા છે. ગયા વર્ષે શહેરમાં રોડ એન્જિનિયરિંગ, સર્કલ નાના કરવા, સિગ્નલ લાઈટ ટાઈમિંગ સહિત ટ્રાફિક નિયંત્રણની વિશેષ કામગીરી કરવામાં આવી હતી. સુરત પોલીસ ટ્રાફિક સલામતીની જાગૃતિ માટે 'હેલ્મેટ ડ્રાઈવ' ચલાવી રહી છે. રોડ-રસ્તા, શાળા, કોલેજ સહિત માર્કેટ વિસ્તારમાં હેલ્મેટની જાગૃતિ માટે વિશેષ અભિયાન સાથે ટ્રાફિક વ્યવસ્થામાં સિગ્નલનું પાલન ન કરનારા અને રોંગ સાઈડમાં વાહન ચલાવનાર ચાલકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. 'સુરત ટ્રાફિક પોલીસ દ્વારા નેશનલ રોડ સેફટી માસ'ની ઉજવણીમાં હાજર સૌએ ટ્રાફિક સિગ્નલ અંગેની ઐતિહાસિક બદલાવની વિડીયોફિલ્મ નિહાળી હતી.

# કુંવરજીભ હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં કામધેનુ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન એકવા કલ્ચર ઉકાઈ કેન્દ્ર દ્વારા તાપી નદીમાં મત્સ્ય બીજનું સંચય કરાયું

। (માહિતી) સુરત, તા.૬ ।

માંડવીના તાપી રિવર ફ્રન્ટ ખાતે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં કામધેનુ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન એકવા કલ્ચર ઉકાઈ કેન્દ્ર દ્વારા મત્સ્ય બીજ સંચય કરવામાં આવ્યું હતું. કામધેનુ યુનિવર્સિટી દ્વારા તાપી નદીમાં કુલ ૫૦૦૦ મત્સ્ય બિયારણ કટલા, રોહુ અને બ્રિગલ પ્રજાતીની માછલીઓનું બિયારણને તાપી નદીમાં મૂકવામાં આવ્યું હતું. જેથી માછીમારી કરતા માછીમારોને આજીવિકા મળી શકે અને તાપી નદીનું જૈવ પણ જળવાઈ રહે તેવા ઉમદા હેતુ સાથે તાપી નદીમાં માછલીઓનું બિયારણ મુકાયું હતું. આ



પ્રસંગે મત્સ્ય વિભાગના અધિકારીઓ, કામધેનુ યુનિવર્સિટીના સ્ટાફ ગણ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, સરપંચશ્રીઓ, માછીમારી કરતા માછીમારો, માંડવી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. કોઈક ઐતિહાસિક સ્મારકે જવાની નાનકડી પિકનિકનું આયોજન કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રૅક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે. તમારો મૂલ્યવાન સમય ફરીથી જીવો તથા તમારી મીઠી યાદોને યાદ કરી ખુશખુશાલ સોનેરી દિવસો પાછા મેળવો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે કે આમાં તેમણે માથું ન મારવું જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. આજે તમે તમારા જીવનસાથી સાથે સમય પસાર કરશો, પરંતુ કેટલીક જૂની વાતો ફરી પાછા આવવા ના કારણે તમારી વચ્ચે સંઘર્ષ થવા ની સંભાવના છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. ઘરે તમને તમારા સંતાનો એવી પરિસ્થિતિ રજૂ કરશે જેમાં રાઈનો પહાડ કરાયો હોય- કોઈ પણ પગલું લેવા પૂર્વે વાસ્તવિક્તાની ચકાસણી કરો. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા.

**મકર (ખ,જ) :**

આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

## ન્યૂઝ બ્રિફ

### ભારતમાં ઉચ્ચ અભ્યાસ ઇચ્છતા વિદેશી વિદ્યાર્થીઓને સરળતાથી વિઝા મળી રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વિદેશના વિદ્યાથીઓ ભારતની યુનિવર્સિટીઓમાં અભ્યાસ માટે આકર્ષવા કેન્દ્ર સરકાર પ્રયત્નો કરી રહી છે. વિદેશના વિદ્યાર્થીઓને સરળતાથી ભારતના વિઝા મળી રહે એ માટે સરકારે વિઝાની બે સ્પેશિયલ સિરીઝ રજૂ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે ગૃહ મંત્રાલયે 'ઈ-સ્ટુડન્ટ વિઝા' અને 'ઈ-સ્ટુડન્ટ-એક્સ' વિઝા રજૂ કર્યા છે અને તમામ અરજદારોએ સરકાર દ્વારા શરૂ કરાયેલા 'સ્ટડી ઈન ઈન્ડિયા' -(SII) પોર્ટલનો ઉપયોગ કરવાનો રહેશે. SII પોર્ટલ પર નોંધાયેલા પાત્ર વિદેશી વિદ્યાર્થીઓ ઈ-સ્ટુડન્ટ વિઝા સુવિધાનો લાભ લઈ શકે છે, જ્યારે ઈ-સ્ટુડન્ટ-X વિઝા ઈ-સ્ટુડન્ટ વિઝા ધરાવતા લોકોના આશ્રિતોને આપવામાં આવે છે. ભારતમાં લાંબા ગાળાના અથવા ટૂંકા ગાળાના અભ્યાસક્રમો માટે ભણવા આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટu SII પોર્ટલ પ્રવેશ પ્રક્રિયાને સરળ બનાવે છે. વિદ્યાર્થીઓએ વિઝા માટે અલગથી https://indianvisaonline.gov.in/ પોર્ટલ પર અરજી કરવાની રહેશે, પરંતુ તેમની અરજીની યોગ્યતા SII ID દ્વારા ચકાસવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું કે વિદ્યાર્થીઓએ SII વેબસાઈટ દ્વારા ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અરજી કરવી ફરજિયાત છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇ-સ્ટુડન્ટ વિઝા એવા વિદેશી નાગરિકોને આપવામાં આવશે.

### કોઈ છોકરીનો એકવાર પીછો કરવો, તેની પાછળ પડી ગયાનું ન ગણી શકાયઃ બોમ્બે હાઇકોર્ટ

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

કોઈ છોકરીનો એકવાર પીછો કરવાને તેની પાછળ પડી ગયા હોવાનું ગણી શકાય નહીં. આ પ્રકારની ઘટનાને ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 354-D હેઠળ પાછળ પડી ગયાનો ગુનો ગણી શકાય નહીં તેમ બોમ્બે હાઈકોર્ટે દૂરોગામી અવલોકન આપ્યું છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો કોઈ વ્યક્તિ દ્વારા વારંવાર અથવા સતત પીછો કરવામાં આવે તો જ તેને ચોક્કસ ગુનો ગણી શકાશે.હાઈકોર્ટનું આ તારણ આ નિર્ણય ૧૯ વર્ષીય બે આરોપીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર આવ્યું હતું. આરોપીઓએ IPC અને POCSO એક્ટ હેઠળ વિવિધ ગુનાઓ માટે તેમની સજાને પડકારી હતી. હાઈકોર્ટે તેમની અપીલને આંશિક રીતે સ્વીકારી હતી અને કેટલાક આરોપોમાંથી તેમને નિર્દોષ જાહેર કર્યા હતા, પરંતુ અન્ય ગુના માટે દોષિત ઠેરવ્યા હતા.આ મામલો મહારાષ્ટ્રના અકોલા જિલ્લાની ૧૪ વર્ષની છોકરીની જાતીય સતામણીનો છે. પીડિતાએ આરોપ લગાવ્યો હતો કે આરોપી તેને ઘણા મહિનાઓથી હેરાન કરતો હતો. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર, એક આરોપી ઓગસ્ટ ૨૦૨૦માં પીડિતાના ઘરમાં બળજબરીથી ઘૂસ્યો હતો. બાદમાં તેની છેડતી કરવામાં આવી હતી અને જો આ બાબતે જાણ કરશે તો તેના ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી હતી. ઘટના સમયે પીડિતાની નાની બહેન પણ ઘરમાં હાજર હતી, જેણે ઘટનાની પુષ્ટિ કરી હતી.ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામે IPC કલમ ૩૫૪ (મહિલાની મર્યાદા ભંગ કરવી), 354-D (પીછો કરવો), ૪૫૨ (ઘર પર આક્રમણ) અને ૫૦૬ (ગુનાહિત ધમકી) તેમજ POCSO એક્ટની કલમ ૭ અને ૧૧ હેઠળ ગુનેગાર ઠેરવી ત્રણથી સાત વર્ષ સુધીની સખત કેદની સજા કરી હતી. આ નિર્ણય સામે આરોપીઓએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. સુનાવણી દરમિયાન જસ્ટિસ સનપે કહ્યું હતું કે એકવાર છોકરીનો પીછો કરવો એ IPCની શ્રેણીમાં ન રાખી શકાય. કાયદો કહે છે કે જો વારંવાર અથવા સતત પીછો કરવામાં આવે તો તેને પીછો કર્યો હોવાનું ગણવામાં આવશે.

### ધુમ્મસથી જનજીવનને અસર

# દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ભારે ઠંડીનો માહોલ

## કાશ્મીરમાં નવેસરથી બરફવર્ષાઃ ઝારખંડમાં શીતલહેરને લીધે ૭-૧૩ જાન્યુઆરી સુધી શાળાઓ બંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દેશની રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં આકરી ઠંડી પડી રહી છે. ભારે ધુમ્મસ લીધે ઓછી વિઝિબિલિટીની સ્થિતિ જોવા મળી હતી. ફ્લાઈટ્સ, ટ્રેનો સહિત વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. જેની અસર જનજીવન પર પડી છે. ઝારખંડ સરકારે શીતલહેરને ધ્યાનમાં રાખીને શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરી છે. કાશ્મીર ખીણના કેટલાક ભાગોમાં ઠંડીનો પારો શૂન્યની નજીક પહોંચી ગયો હતો. કાશ્મીર ખીણમાં ફરી બરફવર્ષા થઈ છે. જ્યારે હરિયાણા અને પંજાબમાં કેટલાક સ્થળો પર તીવ્ર ઠંડી પડી રહી છે.હવામાન વિભાગના અધિકારીઓના કહેવા મુજબ, દિલ્હીમાં ભારે ધુમ્મસ છવાયેલું રહ્યું, જેના કારણે વિઝિબિલીટી શૂન્ય થઈ ગઈ અને વિમાનોની કેટલીયે ઉડાણો અને ટ્રેનસેવા ખોરવાઈ હતી. ભારે ધુમ્મસને પગલે ઓછી વિઝિબિલીટીની સ્થિતિને લીધે છેલ્લા ત્રણ દિવસથી દિલ્હી એરપોર્ટ પર વિમાનોની ઉડાણો પ્રભાવિત થઈ રહી છે. હવામાન વિભાગના અધિકારીઓના



જણાવ્યા પ્રમાણે, રવિવારે દિલ્હીમાં ઉચ્ચતમ તાપમાન ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન ૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સાથે હવામાન વિભાગે સોમવારે આકાશમાં વાદળો છવાયેલા રહેવા તથા સવારના સમયમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની આગાહી કરી છે. શ્રીનગર સહિત કાશ્મીરના મોટભાગના વિસ્તારોમાં રવિવારે નવેસરથી બરફવર્ષા થઈ હતી. જેને કારણે જમ્મુ -કાશ્મીરની ઉનાળુ રાજધાનીમાં તાપમાનનો પારો શૂન્ય ડિગ્રીની નજીક રહ્યો હતો. સવારે ઉત્તર કાશ્મીરના બાંદીપોરા, બારામૂલા અને કુપવાડા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં અને મધ્ય કાશ્મીરના બડગામ, બારામૂલા અને કુપવાડા જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં તથા મધ્ય કાશ્મીરના બડગામ અને ગંદેરબલ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં બરફવર્ષા થઈ છે. આ દરમિયાન, ઝારખંડ સરકારે રાજ્યમાં શીતલહેરને કારણે ૭-૧૩ જાન્યુઆરી સુધી કિંડરગાર્ટનથી ધોરણ ૮ સુધીની શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરી છે. છેલ્લા ૨૪ દરમિયાન રાજ્યમાં હવામાન શુષ્ક રહ્યું અને ખૂંટીમાં સૌથી ઓછું તાપમાન ૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.ખરાબ હવામાનને લીધે દિલ્હી એરપોર્ટ પર ૧૦૦થી વધુ વિમાનો નિયત સમયમાં ઉડાણ ભરી શક્યા નથી. દિલ્હી એરપોર્ટના એક અધિકારીએ કહ્યું કે, જોકે હજુ સુધી એક ઉડાણ રદ કરવામાં આવી નથી. ભારે ધુમ્મસને કારણે ઓછી વિઝિબિલીટીની સ્થિતિને કારણે છેલ્લા ત્રણ દિવસોથી વિમાનોની ઉડાણો પ્રભાવિત થઈ રહી છે. દિલ્હી એરપોર્ટ પર ઓછી વિઝિબિલીટીની પ્રક્રિયા હજુ પણ યથાવત્ છે. જોકે, ઉડાણોના સંચાલન પર કોઈ અસર પડી નથી. આ સાથે દિલ્હી એરપોર્ટ ઓથોરિટી દ્વારા મુસાફરોને વિનંતી કરવામાં આવી છે.

### મિઝોરમ અને મ્યાનમાર સરહદે લોકોની અવરજવર પર નિયંત્રણો

। (એજન્સી) આઈઝોલ, તા.૬ ।

કેન્દ્ર સરકારના આદેશને પગલે મ્યાનમાર સાથેની આશરે ૫૧૦ કિમી લાંબી સરહદ પર સુરક્ષામાં વધારો કરાયો છે. વાડ વિનાની આ આંતરરાષ્ટ્રીય સરહદની બંને બાજુ ૧૦ કિલોમીટરના દાયરામાં રહેતા લોકોની અવરજવર પર અંકુશો મૂકવામાં આવ્યાં છે. આ વિસ્તારોના લોકોએ હવે એકબીજાના દેશોમાં મુસાફરી કરવા માટે બોર્ડર પાસ લેવા પડશે. મણિપુરમાં હિંસા અને ગેરકાયદે ઘૂસણખોરીને ડામવા આ પગલું લેવામાં આવ્યું છે. અધિકારીએ જણાવ્યું હતું કે મ્યાનમાર અને ભારતના નાગરિકોને એકબીજા દેશોની મુલાકાત લેવા માટે માત્ર સાત દિવસની મુદતના બોર્ડર પાસ જારી કરવામાં આવે છે. બોર્ડર પાસ જારી કરતાં પહેલા એ ચકાસણી કરવામાં આવે છે કે આ આંતરરાષ્ટ્રીય સરહદની બંને બાજુએ ૧૦ કિમીની પ્રાદેશિક મર્યાદામાં તેઓ રહે છે કે નહીં.

### ૧૦૦૦ કિ.મી.નો આંકડો વટાવ્યો

# સૌથી વિશાળ મેટ્રો નેટવર્ક મામલે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતનું મેટ્રો રેલ નેટવર્ક ૧૦૦૦ કિમી સુધી વિસ્તર્યું છે. આ સાથે તે હવે વિશ્વનું ત્રીજુ સૌથી મોટુ મેટ્રો રેલ નેટવર્ક બન્યું છે. ચીન અને અમેરિકા આ સંદર્ભે પ્રથમ અને બીજા ક્રમે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દિલ્હી મેટ્રોની મજેન્ટા લાઈનના વિસ્તરણનું ઉદ્ઘાટન કરશે. દિલ્હીએ ૨૦૦૨માં પોતાની મેટ્રો યાત્રા શરૂ કરી હતી. ત્યારે અટલ બિહારી વાજપેયીએ દિલ્હીના લોકોને પ્રથમ મેટ્રો આપી હતી. આજે વડાપ્રધાન મોદી દિલ્હીવાસીઓને નવા મેટ્રો પ્રોજેક્ટ્સ અને નમો ભારતનો ઉપહાર આપશે. ભારતમાં મેટ્રો રેલ નેટવર્કની શરૂઆત ૨૦૦૨માં દિલ્હીથી થઈ હતી. આજે ૧૧ રાજ્યોના ૨૩ શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક છે. ૨૦૧૪માં માત્ર પાંચ રાજ્યોના પાંચ શહેરોમાં મેટ્રો દોડતી હતી. છેલ્લા ૧૦ વર્ષમાં મેટ્રો નેટવર્કમાં ત્રણ ગણો ગ્રોથ જોવા મળ્યો છે. ૨૦૧૪માં ૨૪૮ કિમી મેટ્રો રેલ નેટવર્ક આજે ૧૦૦૦ કિમી સુધી વિસ્તર્યું છે. આજે મેટ્રોમાં રોજના ૧ કરોડથી વધુ પેસેન્જર્સ મુસાફરી કરે છે. મેટ્રો ટ્રેન રોજના કુલ ૨.૭૫ લાખ કિમીની મુસાફરી કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે નમો ભારત ટ્રેનનું પણ ઉદ્ઘાટન કરશે. મેટ્રોના ચોથા ચરણના પ્રથમ ખંડના ઉદ્ઘાટન સાથે આજે સાહિબાબાદ અને ન્યૂ અશોક નગર વચ્ચે બનેલી દિલ્હી -ગાઝિયાબાદ-મેરઠ નમો ભારત કોરિડોરના ૧૩ કિમી લંબા ખંડનું ઉદ્ઘાટન કરશે. આ રૂટ પર રવિવાર સાંજે પાંચ વાગ્યાથી ટ્રેન શરૂ થશે. દર ૧૫ મિનિટે ટ્રેનો ઉપલબ્ધ કરાશે. ન્યૂ અશોક નગર સ્ટેશનમાંથી મેરઠ સાઉથ સુધીનું ભાડું સ્ટાન્ડર્ડ કોચ માટે રૂ. ૧૫૦ અને પ્રીમિયમ કોચ માટે રૂ. ૨૨૫ છે.

### રશિયા સાથેના યુદ્ધ પહેલાં યુક્રેનને જંગી શસ્ત્રો મોકલ્યાં હતાં: એન્ટની બ્લિંકન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના વિદેશ પ્રધાન એન્ટની બ્લિંકને સ્વીકાર્યુ છે કે રશિયા સાથેના યુદ્ધના પાંચ મહિના પહેલા અમેરિકાએ ગુપ્ત રીતે યુક્રેનને ઘણા શસ્ત્રોનો સપ્લાય આપ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૧થી અબજો ડોલર અને શસ્ત્રો મોકલીને યુક્રેનને તૈયાર રાખવાની અમેરિકાએ ખાતરી કરી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સને આપેલા એક ઈન્ટરવ્યૂમાં તેમણે આ ખુલાસો કર્યો હતો. આ સંઘર્ષનો અંત લાવવાનો સમય આવી ગયો છે તેવા સવાલના જવાબમાં બ્લિંકને જણાવ્યું હતું કે યુદ્ધવિરામથી રશિયાને જરૂરી વિરામ મળશે તથા કોઈપણ યુદ્ધવિરામમાં એ સુનિશ્ચિત કરવું જોઈએ કે યુક્રેન વધુ આક્રમણને અટકાવી શકે છે. રશિયાના આક્રમણથી યુક્રેને બચાવવાનો એક માર્ગ નાટોનું સભ્યપદ છે. બ્લિંકનની આ ટીપ્પણી અંગે પ્રતિક્રિયા આપતાં રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ મારિયા ઝખારોવા જણાવ્યું હતું કે રશિયા ઘણા વર્ષોથી આ વિશે વાત કરી રહ્યું છે.

# ભીષણ બરફવર્ષાથી બ્રિટન, જર્મનીમાં પણ જનજીવન ખોરવાયું

## બ્રિટન-જર્મની સહિત યુરોપના દેશોમાં પણ રવિવારે ભારે બરફવર્ષા-વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતુ



। (એજન્સી) લંડન, તા.૬ ।

બ્રિટન અને જર્મની સહિત યુરોપના દેશોમાં પણ રવિવારે ભારે બરફવર્ષા અને વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતું. ઘણા મોટા એરપોર્ટને ફ્લાઈટ્સ સ્થગિત કરવાની ફરજ પડી હતી. યુકેમાં હવામાન પ્રતિકૂળ રહેવાની સાથે એવી આશંકા છે કે ઘણા ગ્રામીણ સમુદાયો, ખાસ કરીને ઈંગ્લેન્ડના ઉત્તરમાં વિસ્તારોનો સંપર્ક કપાઈ શકે છે. આ વિસ્તારોમાં ૧૫ ઈંચ સુધી બરફ છવાઈ જવાની ધારણા છે. ભારે બરફવર્ષાના કારણે સેન્ટ્રલ ઈંગ્લેન્ડમાં બર્મિંગહામ, પશ્ચિમમાં બ્રિસ્ટોલ અને વેલ્સમાં કાર્ડિફ સહિતના શહેરોમાં વીજળી ગૂલ થઈ હતી. દેશમાં વીજળી નેટવર્કનું સંચાલન કરતાં નેશનલ ગ્રીડે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં આઉટેજ પછી તે પાવર પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યું છે. ઘણી સ્પોર્ટ ઈવેન્ટ મોકૂફ રખાઈ હતી. ક્રિસમસ અને નવા વર્ષની રજાઓમાં પછી ઘણા લોકો ઘરે પરત ફરી રહ્યાં છે ત્યારે રોડ નેટવર્કને પણ ભારે અસર થઈ હતી.સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા ઘણા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતાં. ફસાયેલા વાહનો અને અકસ્માતને કારણે પણ ઘણા રોડ બંધ કરાયા હતા. ઘણી રેલવે સેવાઓ રદ કરાઈ હતી. સપ્તાહ દરમિયાન રેલવે વ્યવહાર ખોરવાઈ જવાની વોર્નિંગ અપાઈ હતી. ભારે બરફવર્ષાથી જર્મનીમાં પણ જનજીવન પ્રભાવિત થયું હતું. સત્તાવાળાઓએ ડ્રાઈવરો અને રાહદારીઓ માટે બ્લેક આઈસ વોર્નિંગ જારી કરી છે, લોકોને જ્યાં શક્ય હોય ત્યાં ઘરે રહેવાની સલાહ આપી છે. ફ્રેન્કફર્ટ એરપોર્ટે રવિવારે ૧૨૦ ફ્લાઈટ રદ કરી હતી. મ્યુનિક એરપોર્ટ પર માત્ર એક રનવે ખુલ્લો હતો. બેડન-વુર્ટેમબર્ગમાં હેમિંગેન શહેર નજીક એક બસ રોડ પરથી લપસી જતાં આઠ લોકો ઘાયલ થયા હતાં. ફ્રેન્કફર્ટ વિસ્તારમાં લાંબા-અંતરના ટ્રેન અનિયમિત બની હતી.

### વિરોધમાં એક થઈ ગયા દક્ષિણ અને વામપંથી

# H1B વિઝાને લઈને વધી રહી છે ભારતીયોની મુશ્કેલીઓ

## એચ-૧બી વિઝાના કારણે વામપંથી અને દક્ષિણપંથી વિચારધારા ધરાવતા લોકો એકજૂટ થતાં જોવા મળ્યા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચૂંટણી પહેલાં એચ-૧બી વિઝાનો વિરોધ અને સત્તા પર આવ્યા બાદ આ મામલે યુ-ટર્ન લેતાં અમેરિકામાં હોબાળો મચ્યો છે. એચ-૧બી વિઝાના કારણે વામપંથી અને દક્ષિણપંથી વિચારધારા ધરાવતા લોકો એકજૂટ થતાં જોવા મળ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પના એચ-૧બી વિઝા પર યુ-ટર્નને તેમના સૌથી મોટા સમર્થક અને ધનિક ઈલોન મસ્ક સહિત ઘણા પ્રભાવશાળી નેતાઓ એચ-૧બી વિઝાને સમર્થન આપી રહ્યા છે. તેઓ માને છે કે, એચ-૧બી વિઝા અમેરિકાના હિતમાં છે. કારણકે, તે અમેરિકાની કંપનીઓમાં યોગ્ય અને કૌશલ્ય ધરાવતા વિદેશી પ્રોફેશનલ્સની નિમણૂક કરવાની મંજૂરી આપે છે. જ્યારે બીજી બાજુ દક્ષિણ અને વામ પંથી લોકો આ વિઝાના કારણે અમેરિકાના નાગરિકોના રોજગાર છીનવાઈ રહ્યા હોવાનો દાવો કરતાં તેનો વિરોધ કર્યો છે. અહેવાલો અનુસાર, અમેરિકાના વર્મોન્ટ સેનેટર બર્ની સેન્ડર્સ




વામપંથી વિચારધારા ધરાવે છે. તેઓ સ્વ-ઘોષિત લોકશાહી સમાજવાદી નેતા પણ છે. તાજેતરમાં તેણે તેના X હેન્ડલ દ્વારા H-1B વિઝા મુદ્દે પોસ્ટ કરી હતી. જેમાં તેણે ઈલોન મસ્ક પર પણ નિશાન સાધ્યું હતું. બર્ની સેન્ડર્સે ઈલોન મસ્કના એચ-૧બી વિઝાના નિવેદનની આકરી ટીકા કરી છે. તેમણે કહ્યું કે, "ઈલોન મસ્ક ખોટા છે. H-1B વિઝા પ્રોગ્રામનું મુખ્ય કાર્ય શ્રેષ્ઠ અને તેજસ્વી લોકોને નોકરીએ રાખવાનું નથી પરંતુ સારા પગારવાળા અમેરિકન્સના સ્થાને વિદેશમાંથી ઓછા વેતનવાળા બોન્ડેડ લેબર લાવવાનું છે. તેઓ જેટલા સસ્તા કામદારો રાખે છે, તેટલો જ વધુ નફો અબજોપતિઓ કમાશે. ટેસ્લાએ હજારો એચ-૧બી વિઝા કર્મચારીઓની નિમણૂકને મંજૂરી મળતાં અમેરિકાના ૭૫૦૦થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢ્યા હતા. અમેરિકાના કર્મચારીના સ્થાને વિદેશી કર્મચારીઓની નિમણૂક ક્યારેય સસ્તી ન હોવી જોઈએ. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના ચૂંટણી અભિયાન 'મેક અમેરિકા ગ્રેટ અગેન' પર રાજકીય સૂત્રો અને રાજકીય આંદોલન ચલાવ્યા હતા. દક્ષિણપંથી માનનારા પત્રકાર લોરા લૂમર પણ ટ્રમ્પના અભિયાનના સમર્થનમાં હતાં, પરંતુ સત્તા પર આવ્યા બાદ ટ્રમ્પે ઈમિગ્રેશન પોલિસી અંગે નરમ વલણ દર્શાવતાં લૂમરે આકરો વિરોધ કર્યો છે. લોરા લૂમરે ટ્રમ્પની સરકાર માટે એઆઈ સલાહકાર પદે શ્રીરામ કૃષ્ણનની નિમણૂકની ટીકા કરી હતી. લોરા લૂમરે કૃષ્ણન પર અમેરિકાના કર્મચારીઓને કામ પર રાખવાના બદલે વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકામાં કામ કરવાની મંજૂરી આપવા ગ્રીન કાર્ડ પ્રતિબંધો દૂર કરવાનો પણ આરોપ મૂક્યો હતો. તદુપરાંત એચ-૧બી વિઝા મુદ્દે નરમ વલણનો વિરોધ કરતાં કહ્યું હતું કે, 'અમે ટ્રમ્પને વિઝાનો વિરોધ કરવા માટે મત આપ્યા હતા.'

### અડધું અમેરિકા બરફની ચાદરમાં ઢંકાઈ જશે

# અમેરિકામાં વિન્ટર સ્ટ્રોમને લીધે ૬૦ મિલિયન લોકો જોખમમાં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

શનિવારથી જ સેન્ટ્રલ અમેરિકામાં વિન્ટર સ્ટોર્મની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી સમયમાં અડધાથી વધુ અમેરિકા પર આની અસર થશે. હવામાન નિષ્ણાંતોએ જણાવ્યું કે લાખો લોકોને આની અસર થશે અને ઈસ્ટ અમેરિકામાં ભયાનક વિન્ટર સ્ટોર્મ આવશે. જેના પરિણામે ઠંડી હવાઓ અને સ્નો ફોલ વધી જશે. આના લીધે ત્યાં રોજિંદા જીવનમાં જે ટ્રાવેલ કે અન્ય ક્રિયાઓ થતી હશે એના પર પણ માઠી અસર પડશે. આ વિન્ટર સ્ટોર્મની અસર ૬૦ લાખથી વધુ લોકો પર પડી શકે છે. આનાથી ઈસ્ટ અમેરિકા ઠંડુગાર બની જશે. આર્કટિક એર જેવા ડિપ ફ્રીઝ સ્થિતિ ઉત્પન્ન થશે. નેશનલ વેધર સર્વિસે આગાહી કરી છે કે આ પ્રમાણેની સ્થિતિમાં જોરદાર હિમ વર્ષા થશે, બરફની ચાદર અડધા અમેરિકા પર ઢંકાઈ જશે અને ઠંડા પવનો પણ ફૂંકાશે. વિન્ટર સ્ટોર્મની વોર્નિંગ્સ અત્યારે વેસ્ટર્ન કંસાસથી કોસ્ટલ સ્ટેટ્સ ઓફ મેરિલેન્ડ, ડેલાવેર અને વર્જિનિયાજે સુધી જારી કરવામાં આવી છે. જે ૨૪૦૦ કિલોમીટરના વિસ્તારમાં વિન્ટર સ્ટોર્મની આગાહી કરવામાં આવી છે. આટલા ભાગમાં જોરદાર અસર જોવા મળી શકે છે. NWSના જણાવ્યા પ્રમામે સોમવારથી અમેરિકામાં વિન્ટર સ્ટોર્મ તેજી પકડશે. જેની અસર સેન્ટ્રલ પ્લેન્સથી મિડલ એટલાન્ટિક સુધી રહેશે. અહીં હિમ વર્ષાનું જોખમ પણ જોવા મળશે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ રેલવે પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વિવિધ રેલવે પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ નવા જમ્મુ રેલવે ડિવિઝનનું ઉદઘાટન કર્યું હતું. તેમણે ઈસ્ટ કોસ્ટ રેલવેનાં રાયગડા રેલવે ડિવિઝન બિલ્ડિંગનો શિલાન્યાસ પણ કર્યો હતો અને તેલંગાણામાં ચરલાપલ્લી ન્યૂ ટર્મિનલ સ્ટેશનનું ઉદઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ શ્રી ગુરુ ગોવિંદ સિંહજી જયંતીનાં પ્રસંગે શુભેચ્છા પાઠવતા ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમનાં ઉપદેશો અને જીવન મજબૂત અને સમૃદ્ધ રાષ્ટ્રનાં સ્વપ્નને પ્રેરિત કરે છે. ભારતની કનેક્ટિવિટીમાં ઝડપથી થઈ રહેલી પ્રગતિની પ્રશંસા કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધી ભારત મેટ્રો રેલ નેટવર્કને ૧૦૦૦ કિલોમીટરથી વધારે વિસ્તારીને તેની પહેલોને વેગ આપી રહ્યું છે. તેમણે દિલ્હી-એનસીઆરમાં તાજેતરમાં નમો ભારત ટ્રેનનાં ઉદઘાટનનો ઉલ્લેખ કર્યો હતો અને ગઈકાલે દિલ્હી મેટ્રો પરિયોજનાઓનો શુભારંભ કર્યો હતો. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, આજનો કાર્યક્રમ એ વાતનો વધુ એક પુરાવો છે કે સંપૂર્ણ દેશ એક પછી એક સાથે આગળ વધી રહ્યો છે, કારણ કે જમ્મુ અને કાશ્મીર, ઓડિશા અને તેલંગાણામાં શરૂ કરવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટ દેશના ઉત્તર, પૂર્વ અને દક્ષિણ વિસ્તારો માટે આધુનિક કનેક્ટિવિટીમાં મોટી હરણફાળ ભરી છે. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે, 'સબ કા સાથ, સબ કા વિકાસ'નો મંત્ર વિકસિત ભારતનાં વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવામાં મદદરૂપ છે. તેમણે આ ઘટનાક્રમો પર આ રાજ્યોના લોકોને અને ભારતના તમામ નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર જેવા આધુનિક રેલવે નેટવર્ક પરની કામગીરી દેશમાં ઝડપથી પ્રગતિ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, આ વિશેષ કોરિડોર નિયમિત ટ્રેક પરનું દબાણ ઘટાડશે અને હાઈ-સ્પીડ ટ્રેનો માટે વધુ તકો પણ ઊભી કરશે. શ્રી મોદીએ




ભારપૂર્વક જણાવ્યું હતું કે, મેડ ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાની સાથે રેલવેની કાયાપલટ થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, મહાનગરો અને રેલવે માટે આધુનિક કોચ વિકસાવવામાં આવી રહ્યાં છે. સ્ટેશનોનો પણ પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે, સ્ટેશનો પર સોલાર પેનલ્સ લગાવવામાં આવી રહી છે અને રેલવે સ્ટેશનો પર 'વન સ્ટેશન, વન પ્રોડક્ટ' સ્ટોલ લગાવવામાં આવી રહ્યા છે. આ તમામ પહેલથી રેલવે ક્ષેત્રમાં રોજગારીની લાખો નવી તકો ઊભી થઈ રહી છે. છેલ્લા એક દાયકામાં લાખો યુવાનોએ રેલવેમાં કાયમી સરકારી નોકરીઓ મેળવી છે. ટ્રેનના નવા કોચનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓમાં કાચા માલની માગ અન્ય ક્ષેત્રોમાં પણ રોજગારીની તકો વધારવા તરફ દોરી જાય છે."

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, રેલવે સાથે સંબંધિત વિશેષ કૌશલ્યોને ધ્યાનમાં રાખીને દેશની સૌપ્રથમ 'ગતિ-શક્તિ યુનિવર્સિટી'ની પણ સ્થાપના કરવામાં આવી છે. જેમ જેમ રેલવે નેટવર્કનું વિસ્તરણ થતું જાય છે તેમ તેમ નવા વિભાગો અને મુખ્યમથકોની સ્થાપના થઈ રહી છે, જેનો લાભ જમ્મુ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ અને લેહ-લદ્દાખ જેવા પ્રદેશોને મળી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીર રેલવે માળખાગત સુવિધામાં નવી સીમાચિહ્નો હાંસલ કરી રહ્યું છે, જેમાં ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલવે લાઈન સામેલ છે, જેની આજે સમગ્ર દેશમાં ચર્ચા થઈ રહી છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, વિશ્વનો સૌથી ઊંચો રેલવે કમાન પુલ ચિનાબ પુલનું નિર્માણ લેહ-લદ્દાખનાં લોકોને સુવિધા પ્રદાન કરવા માટે આ વિસ્તારને ભારતનાં અન્ય ભાગો સાથે જોડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

શ્રી મોદીએ નોંધ્યું હતું કે, આંજી ખાડ પુલ કે જે દેશનો સૌપ્રથમ કેબલ આધારિત રેલવે પુલ છે, તે પણ આ પ્રોજેક્ટનો એક ભાગ છે. તેમણે જણાવ્યું હતું કે, ચેનાબ પુલ અને આંજી ખાડ પુલ એન્જિનીયરિંગના અપ્રતિમ ઉદાહરણો છે, જે આ ક્ષેત્રમાં આર્થિક પ્રગતિ તરફ દોરી જાય છે અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઓડિશા વિપુલ પ્રમાણમાં કુદરતી સંસાધનો અને વિશાળ દરિયાકિનારાથી સમૃદ્ધ છે તથા આંતરરાષ્ટ્રીય વેપાર માટે નોંધપાત્ર સંભવિતતા ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં રૂ. ૭૦,૦૦૦ કરોડથી વધુના મૂલ્યના અનેક રેલવે પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, તેની સાથે સાત ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સની સ્થાપના પણ થઈ રહી છે, જે વેપાર અને ઉદ્યોગને વેગ આપી રહ્યા છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, અત્યારે ઓડિશામાં રાયગડા રેલવે ડિવિઝનનો શિલાન્યાસ થયો છે, જે ઓડિશામાં ખાસ કરીને દક્ષિણ ઓડિશામાં પ્રવાસન, વેપાર અને રોજગારીને પ્રોત્સાહન આપવા માટે રાજ્યનું રેલવે માળખું મજબૂત કરશે, જ્યાં આદિવાસી પરિવારોની સંખ્યા વધારે છે.

તેલંગાણામાં આજે ચર્લાપલ્લી નવા ટર્મિનલ સ્ટેશનનું ઉદઘાટન કરતાં પ્રધાનમંત્રીએ 'આઉટર રિંગ રોડ' સાથે જોડાણ કરીને પ્રાદેશિક વિકાસને વેગ આપવાની તેની સંભવિતતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "આઉટર રિંગ રોડ સાથે જોડાયેલું આ સ્ટેશન આ વિસ્તારમાં વિકાસને નોંધપાત્ર વેગ આપશે." શ્રી મોદીએ સ્ટેશનનાં પ્લેટફોર્મ, લિફ્ટ, એસ્કેલેટર, સૌર ઊર્જાથી ચાલતી કામગીરી સહિતની આધુનિક સુવિધાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, "આ સ્થાયી માળખાગત સુવિધા ઊભી કરવાની દિશામાં એક પગલું છે."



મહાકુંભ નગરીમાં દેશ-દુનિયામાંથી ૪૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓના આગમન માટે તૈયારીઓ કરવામાં આવી. સંગમ શહેરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનું આગમન સ્થાનિક વેપાર, રોજગાર અને પ્રવાસનને વેગ આપશે.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરા RTO વિભાગે ૧ વર્ષમાં ૫ કરોડથી વધુની કરી રિકવરી

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

વડોદરા આરટીઓ વિભાગે વિવિધ કેટગરી અંતર્ગત ૫૮૩૧૪૫૭૭૮ લાખની રિકવરી કરી છે. વડોદરામાં વાહનવ્યવહાર કચેરીએ નિયમો ભંગ કર્યાના આંકડા બહાર પાડ્યા છે. જેમાં ઓડીસી, ઓવરલોડ, ફિટનેસ પરમીટ વાહનોના કેસો દાખલ કરવામાં આવ્યા છે, જેમાં ૧૧૨ જેટલા લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૪માં સમગ્ર વર્ષ દરમિયાન ૧૬૫૫ કેસ દાખકલ કરાયા હતી. જેમાં ૧૦૯૯ કેસમાંથી ૬૫ લાખની રિકવરી કરાઈ છે. વાહનોના ફિટનેસ અંગે ૮૨૯ કેસમાંથી ૫૭ લાખ રિકવરી, પરમિટ અંગે ૨૦૦ કેસમાંથી ૧૫ લાખની રિકવરી કરાઈ છે. વડોદરા આરટીઓ વિભાગે વિવિધ કેટગરી અંતર્ગત ૫૮૩૧૪૫૭૭૮ લાખની રિકવરી કરી છે. ઘણાના લાયસન્સ પણ રદ કરવામાં આવ્યા છે.

### જામનગરના કાલાવડમાં પ્રેમલગ્ન કરવા પડ્યાં મોંઘા

। (એજન્સી) જામનગર, તા.૬ ।

જામનગરજિલ્લાના કાલાવડ તાલુકાના ધૂનધોરાજી ગામમાં રહેતા એક યુવાને પ્રેમ લગ્ન કરી લીધા બાદ પ્રેમલગ્ન કરનાર યુવાનની બહેન-બનેવી સહિત ત્રણ વ્યક્તિનું એક બોલેરો કારમાં આવેલા ચાર શખ્સો અપહરણ કરી જતાં ભારે ચકચાર જાગી છે. જે બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ આરોપીઓને શોધી રહી છે. આ બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના ધૂનધોરાજીમાં રહેતા કૈલાશભાઈ આદિવાસી અને તેના પત્ની ઉષાબેન તથા પુત્રી નિશાબેન કે જેઓ ત્રણેય પોતાની વાડીની ઓરડીમાં સુતા હતા, જે દરમિયાન વિક્રમ સમસિંગભાઈ દેહીજા તથા ગોટુ માવી અને બે અજાણ્યા શખ્સો એક સફેદ કલરની બોલેરો કારમાં આવ્યા હતા, અને કૈલાશભાઈના પુત્ર ઉમેશને ઢોર માર માર્યો હતો.

### બદલી કરાવવાના નામે પોલીસ કર્મીઓને છેતરનારો ગઠિયો ઝડપાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

ગુનેગારો અને ગઠિયાઓ સામે નાગરિકોનું રક્ષણ કરી રહેલા પોલીસ કર્મચારીઓને જ છેતરનારા ગઠિયાને પોલીસે ઝડપી લીધો છે. પોલીસ ભવનના ક્લાર્ક તરીકે પોતાની ઓળખ આપી આ ગઠિયાએ અનેક પોલીસ કર્મચારીઓને આંતર જિલ્લા બદલી કરાવવાની લાલચ આપી હતી. રાજ્યના અનેક જિલ્લામાં પોલીસ કર્મચારીઓને છેતરનારા ગઠિયાને સચિવાલયના ગેટ નં-૪ નજીક ઝડપી ગાંધીનગર એલસબીની ટીમે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના સેકટર-૨૬ ગ્રીન સિટીમાં રહેતો અને મૂળે હિંમતનગરના દેજરોટા ગામનો જન્મેજયસિંહ ઝાલા પાછલા બે મહિનાથી પોલીસ કર્મચારીઓને નિશાન બનાવી રહ્યો હતો. જન્મંજય અલગ-અલગ જિલ્લાના પોલીસ મથકમાં સરકારી નંબર પર પોલીસ સ્ટેશન ઓફિસર (પીએસઓ)ને સીધો ફોન કરતો હતો.

### વુડા દ્વારા શહેરી આવાસ યોજના માટેના ફોર્મ બહાર પાડવામાં આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

વુડા દ્વારા શહેરી આવાસ યોજના માટેના ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે અને તે રાષ્ટ્રીયકૃત બેંક ખાતેથી મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આજે સુભાનપુરા ખાતેની બેંકમાં વહેલી સવારથી લાઈનમાં ઉભેલા લોકોને "આજે ફોર્મનું વિતરણ થશે નહીં" તેવું મોડેથી જણાવવામાં આવતા ફોર્મ લેવા આવેલાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વુડા દ્વારા શહેરી વિકાસ યોજના અંતર્ગત ઈડબલ્યુએસના ૧૦૩ મકાનોને એલોટ કરવા માટે ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે. ૧ મઉૐદ્ધ ના ફોર્મ ઈન્ડસન્ડ બેંક જ્યારે ૨ મઉૐદ્ધના ફોર્મ સુભાનપુરા સ્થિત કોટક મહિન્દ્રા બેંકમાંથી આપવામાં આવે છે. ફોર્મ લેવા ખૂબ મોટી સંખ્યામાં અરજદારો આવતા હોવાથી સવારે ૪ વાગ્યાથી બેંકની બહાર લાઈન લાગી જાય છે.

## બચાવ કામગીરી પૂરજોશમાં

# ભુજના કંડેરાઈ ગામમાં ૧૮ વર્ષની યુવતી બોરવેલમાં ૪૯૦ ફૂટ ઊંડે ખાબકી

। (એજન્સી) ભુજ, તા.૬ ।

કચ્છથી કે જ્યાં એક યુવતી બોરવેલમાં ખાબકી છે. ભુજના કંડેરાઈ ગામમાં ૧૮ વર્ષની યુવતી બોરવેલમાં પડી હોવાની માહિતી મળી છે. આ યુવતી ૫૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં યુવતી પડી હોવાની માહિતી. ભુજ ફાયર વિભાગની ટીમ રેસ્ક્યુની કામગીરી કરી રહી છે. બચાવ ફાયરની ટીમ પણ કામગીરીમાં જોડાઈ છે. NDRFની ટીમને પણ જાણ કરાઈ હોવાની માહિતી અત્યારે સામે આવી રહી છે.

સ્થાનિક લોકો તથા તેના પરિવારજનોના જણાવ્યા મુજબ યુવતી ગઈકાલે ૫ વાગ્યા બાદ ગુમ થઈ હતી અને તેની શોધખોળ કરતા આજે સવારે માલુમ પડ્યું હતું કે યુવતી સંભવતઃ તે બોરવેલમાં પડી ગઈ છે અને તેને લઈને હાલ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને તપાસ આરંભી છે. કચ્છ પશ્ચિમ કચ્છના એસપી, એસડીએમ, ફાયર વિભાગ, આરોગ્ય વિભાગ આ તમામની ટીમ છે તે હાલ તે ઘટનાસ્થળે છે અને યુવતીને ઓક્સિજન મળે તે માટે કામગીરી ચાલુ કરી છે. ખાસ કરીને યુવતીની શું સ્થિતિ છે તે જાણવા માટે બોરવેલમાં કેમેરા નાખવામાં આવ્યા. રેસ્ક્યૂ ટીમને યુવતી બોરવેલમાં હોવાના પુરાવા મળ્યા છે. ૪૯૦ ફૂટ ઊંડે યુવતી હોવાનું કેમેરામાં કેદ થયુ છે. યુવતી જીવિત છે કે નહી તે અંગે તપાસ ચાલુ છે. NDRFની ટીમ છે તેને પણ ગાંધીનગરથી બોલાવવામાં આવે એનો કોલ આપી દેવામાં આવે છે જેથી તે ટીમ પણ બચાવ અને રાહત કામગીરી માટે પહોંચશે. હાલ યુવતીની શું સ્થિતિ છે તે અંગે કોઈ ચોક્કસ માહિતી મળી નથી. કચ્છના તમામ મહત્વના જે વિભાગો છે તેમના અધિકારીઓ હાલ ઘટનાસ્થળે પહોંચ્યા છે અને તમામ પ્રકારની મદદ યુવતીને મળે તે માટેની સમગ્ર રેસ્ક્યુ ઓપરેશન છે તે હાલ શરૂ કરવામાં આવ્યું છે.બોરવેલમાં યુવતીને ઓક્સિજન મોકલવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. કલેકટર અમિત અરોરા ઘટનાસ્થળે પહોંચ્યા છે. કલેકટરે સ્થિતિ અંગે માહિતી મેળવી. NDRFની ટીમ પણ બચાવ કાર્યમાં જોડાશે.

## વડોદરામાં નિવૃત બેંક કર્મીને કરાયા ડિજીટલ અરેસ્ટ, ૯૧ લાખ પડાવી લીધા

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

વડોદરા શહેરમાં એક નિવૃત્ત બેંક કર્મચારીની ડિજીટલ રીતે મુંબઈ પોલીસ અને સીબીઆઈ અધિકારીના નામની ખોટી ઓળખ કરીને ધરપકડ કરવામાં આવી હતી અને ધરપકડની ધમકી આપીને બેંક કર્મચારી પાસેથી ૯૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે સાયબર ક્રાઈમમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.બેંક કર્મચારીએ કહ્યું કે, મને અન્ય અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાની ઓળખ મુંબઈ પોલીસના રાજેન્દ્ર પ્રધાન તરીકે આપી હતી અને પાર્સલ વિશે પૂછપરછ કરી હતી અને કહ્યું હતું કે પાર્સલ વિશે વધુ પૂછપરછ માટે તમને બીજો કોલ આવશે. ત્યારબાદ મને અન્ય નંબર પરથી વોટ્સએપ પર વોઈસ કોલ આવ્યો અને કોલ કરનારે કહ્યું કે હું સીબીઆઈનો અભિષેક પ્રધાન છું. મેં કહ્યું, મારું કેનેરા બેંકમાં કોઈ ખાતું નથી અને હું ક્યારેય મુંબઈ આવ્યો નથી, તેણે કહ્યું તમારે આ બધું સાબિત કરવું પડશે. જેના માટે તમારે તમારા બેંક ખાતાની વિગતો વગેરે તમામ નાણાકીય માહિતી આપવાની રહેશે, તેથી મેં આ માહિતી તેમને વોટ્સએપ પર આપી. પછી તેઓએ મને કહ્યું કે જ્યાં સુધી આ તપાસ ન થાય ત્યાં સુધી તમારા ખાતામાંના તમામ પૈસા અને તમારા શેર અને જે પણ એફડી હોય તે તમામ નાણાંકીય રકમ અમને આપવા પડશે.

## તમામ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવાશેઃ આરોગ્ય મંત્રી

# નવા વાઈરસની ટેસ્ટ કીટ બેથી ત્રણ દિવસમાં ઉપલબ્ધ કરાવાશે

### ચીનના વાઈરસે ભારતમાં દેખા દેતા સરકાર સતત જાગૃત

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

ચીનના વાઈરસે ભારતમાં દેખા દેતા દેશવાસીઓની ચિંતા માટે સરકાર સતત જાગૃત છે. ત્યારે આજે વડોદરાની એક દિવસની મુલાકાત અંતર્ગત સરકારી હોસ્પિટલ ખાતે પહોંચેલા રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, નવા વાઈરસના લક્ષણો પ્રમાણે દર્દીની સારવાર કરવામાં આવશે. આ રોગના ટેસ્ટ માટેની કીટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે અને આગામી બેથી ત્રણ દિવસમાં દરેક હોસ્પિટલમાં તે કીટ ઉપલબ્ધ થાય એવા પ્રયાસો છે.

દેશમાં નોંધાયેલા પ્રથમ કેસ અંગે હાલ વધુ કોઈ માહિતી ન હોવાથી આ અંગે કશું કહેવાનો ઈનકાર કરતા ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે, મોટેભાગે આ રોગમાં પણ કોવિડના પ્રોટોકોલ પ્રમાણેના જ લક્ષણો છે. જેમ કે, શરદી થવી, તાવ આવવો, ઉધરસ અને ગળામાં દુખાવો થવો. જેથી તે પ્રમાણે દર્દીની સારવાર કરવામાં આવશે. આ રોગના ટેસ્ટ માટેની કીટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે અને આગામી બેથી ત્રણ દિવસમાં દરેક હોસ્પિટલમાં તે કીટ ઉપલબ્ધ થાય એવા પ્રયાસો છે.

સરકાર અને વિવિધ સંસ્થા આ રોગ અંગે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કોઈપણ પ્રકારની ગભરાટ કે ચિંતા ઉભી ન થાય તે માટે સરકાર ગંભીર છે. અગાઉ જ્યારે કોવિડની મહામારી ફેલાઈ હતી ત્યારે સરકારે જે પગલાં લીધા તેના કારણે ભારતમાં ઓછું નુકસાન થઈ શક્યું હતું, જે કેન્દ્ર સરકારના સક્ષમ નેતૃત્વના કારણે થઈ શક્યું હતું. આ વાઈરસને હ્યુમન મેટાન્યૂમો વાઈરસના લક્ષણો સામાન્ય શરદી-ખાંસી જેવા જ હોય? છે. સામાન્ય કિસ્સામાં તે ઉધરસ અથવા ગળામાં ખરાશ, વહેતી નાક અથવા ગળામાં દુઃખાવાનું કારણ બને છે. નાના બાળકો અને વૃદ્ધોમાં HMPV ચેપ ગંભીર હોઈ શકે છે. આ વાઈરસ નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોમાં ગંભીર બીમારીનું કારણ બની શકે છે.

## ૧૦ દિવસ સુધી અંધારામાં રાખ્યા

# HMPV કેસની માહિતી છુપાવા બદલ અમદાવાદની ઓરેન્જ હોસ્પિટલને નોટિસ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ચીનમાં હાહાકાર મચાવનાર HMP વાયરસની અમદાવાદમાં એન્ટ્રી થઈ છે. અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ હોસ્પિટલમાં ૨ મહિનાનું બાળક હાલ સારવાર લઈ રહ્યું છે. અમદાવાદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ઓરેન્જ હોસ્પિટલને નોટિસ ફટકારવામાં આવી છે. બાળકને વાયરસ ડિટેક્ટ થયો હોવા છતાં AMCને જાણ કરી ન હતી. જેથી છસ્ઝ હેલ્થ વિભાગને હોસ્પિટલ પર કાર્યવાહી કેમ ન કરવી અને માહિતી છુપાવવા બદલ નોટિસ આપી જવાબ માંગ્યો છે. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બે મહિનાના બાળકને HMPV કેસ પોઝિટિવ આવ્યો છે. હાલ બાળકની હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે. બાળકની સ્થિતિ સારી છે. પરંતુ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાંથી આવેલા જૈન પરિવાર ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ બાળક સાથે સારવાર અર્થે અમદાવાદ ખાતે આવેલી ઓરેન્જ હોસ્પિટલમાં આવ્યા હતા. ડોક્ટરો દ્વારા તપાસ બાદ અલગ અલગ રિપોર્ટ કરાયા હતા અને ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. પરંતુ અમદાવાદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ અને સરકારને કોઈ માહિતી આપવામાં આવી ન હતી. જેથી મહાનગર પાલિકા દ્વારા હોસ્પિટલને નોટિસ આપવામાં આવી છે. AMC આરોગ્ય વિભાગને નોટિસ આપતા લખ્યું છે કે હાલમાં HMPV ના કેસો બાબતની માહિતી જે તે હોસ્પિટલ દ્વારા તાત્કાલિક ધોરણે રિપોર્ટ થાય તે ખુબ અગત્યનું છે. તેમ છતાં આ પ્રકારના કેસોની વિગત હોસ્પિટલે AMCને જણાવવી જરૂરી હોય છે તેમ છતાં ૧૦ દિવસથી વધુ સમય પછી પણ આ કેસની વિગત ન જણાવવા અને રિપોર્ટિંગ ન કરવા બદલ આપની વિરુદ્ધ કાયદાકીય પગલા કેમ ન લેવા? તેનો ખુલાસો તાકીદે કરવા જણાવવામાં આવે છે.

# આંબલિયાસણ સ્ટેશન પર નોન-ઇન્ટરલોકિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમદાવાદ-પાલનપુર સેક્શન પર દોહરીકરણ કાર્યને કારણે આંબલિયાસણ સ્ટેશન પર નૉન-ઈન્ટરલોકિંગ કામ માટે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

**રદ ટ્રેનો**

૧. તારીખ ૦૭.૦૧.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૭૯૪૩૧ સાબરમતી-મહેસાણા ડેમુ રદ રહેશે.

૨. તારીખ ૦૮.૦૧.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૭૯૪૩૨ મહેસાણા-સાબરમતી ડેમુ રદ રહેશે.

૩. તારીખ ૦૭.૦૧.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૭૯૪૩૭ મહેસાણા-આબુ રોડ ડેમુ રદ રહેશે.

૪. તારીખ ૦૮.૦૧.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૭૯૪૩૮ આબુ રોડ-મહેસાણા ડેમુ રદ રહેશે.

૫. તારીખ ૦૭.૦૧.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૭૯૪૩૫/૭૯૪૩૬ સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ રદ રહેશે.

**પુનઃનિર્ધારણ ટ્રેનો**

૧. તારીખ ૦૭.૦૧.૨૦૨૫ ના રોજ સાબરમતીથી ચાલતી ટ્રેન નંબર ૨૨૫૪૮ સાબરમતી-ગ્વાલિયર એક્સપ્રેસ તેના નિર્ધારિત સમય ૧૬.૫૫ કલાકને બદલે ૧૭.૫૫ કલાકે સાબરમતીથી ઉપડશે.

૨. તારીખ ૦૭.૦૧.૨૦૨૫ ના રોજ વડનગરથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૬૦ વડનગર-વલસાડ એક્સપ્રેસ તેના નિર્ધારિત સમય ૧૭.૦૦ કલાકને બદલે ૧૭.૪૦ કલાકે વડનગરથી ઉપડશે.

મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી કરવામાં આવે છે. ટ્રેન પરિચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ વિશેની માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો જેથી કોઈ અસુવિધા ન થાય.

## ગુજરાત સરકાર દ્વારા જંત્રીના ભાવ વધારા સામે નગરજનોમા આક્રોશ

# ઝાલોદ તાલુકાના વ્યાપારીઓ દ્વારા મુસદારૂપ જંત્રીના ભાવ ઘટાડવા ધારાસભ્ય મહેશ ભૂરીયાને રજૂઆત કરી

### ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા નાગરિકોને આશ્વાસન આપ્યું કે મુખ્યમંત્રીને મળી જંત્રીના ભાવ ન વધે તેવા પૂરતા પ્રયાસ કરશે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૪ મા મુસદારૂપ જંત્રીનો વધારો કરતા પહેલા ઝાલોદ-લીમડી નગરના પાયાના મુદ્દા ધ્યાનમાં લેવા માટે વ્યાપારી મંડળનું એક પ્રતિનિધિ મંડળ ઝાલોદ એ.પી.એમ.સી ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાને મળી લેખિત રજૂઆત કરી જંત્રીના ભાવ ન વધારી યથાવત રાખે તેવો પત્ર આપવામાં આવ્યો હતો અને વ્યાપારી મંડળની રજૂઆત દાહોદ જિલ્લા કલેક્ટર તેમજ મુખ્યમંત્રી સુધી પહોંચાડવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ જંત્રીના નવા ભાવની જાહેરાત કરી હતી જેને લઈ ઝાલોદ તાલુકાના વ્યાપારી મંડળ દ્વારા વિરોધ કરવામાં આવેલ છે સરકાર દ્વારા જંત્રીના ભાવમાં વધારો કરાતા મિલકતના ભાવો વધી જશે તેથી ગ્રાહકને મિલ્કત લેવું મોંઘુ પડી જશે. વ્યાપારી મંડળના પ્રતિનિધિઓ દ્વારા ધારાસભ્ય મહેશ ભૂરીયાને રજૂઆત કરાતા કહ્યું



હતું કે સરકાર દ્વારા ૧૨ વર્ષ બાદ જંત્રીના ભાવમાં જે વધારો કરેલ છે તે ખૂબ જ મોટો છે જેના લીધે સામાન્ય નાગરિકને તેની અસર ખૂબ મોટી પડે તેમ છે. વ્યાપારીઓ નું માનવું છે કે જંત્રીના ભાવના વધારાના લીધે સ્ટેમ્પ ડ્યૂટી તેમજ અન્ય પ્રિમિયમની રકમમાં મોટો વધારો થશે તેથી આજે જે કીમતમા મકાન, દુકાન કે ખુલ્લી જમીન બજારમાં મળે છે તેના કરતાં બમણો વધારો મિલકતની કિંમતોમાં થશે જેથી ખરીદનાર વર્ગ ખૂબ ઓછો થઈ જશે. ઝાલોદ તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો વિસ્તાર છે જો જંત્રીના ભાવ વધશે તો અહીંયા મિલકતોની લે વેચ ઓછી થઈ જશે જેની સીધી અસર નાગરિકોની આર્થિક પરિસ્થિતિ પર થનાર છે. આ જંત્રી વધારાના લીધે ખેડૂતો, નવા ઘર ખરીદનાર ગ્રાહક, રિયલ એસ્ટેટ જેવા વ્યાપાર કરનાર લોકોને ભારે મંદીનો સામનો કરવો પડે તેમ છે. આવી મંદીને લઈ દરેક નાગરિકની આર્થિક પરિસ્થિતિ બગડી શકે તેવું બની શકે છે.

ગુજરાત સરકારના જંત્રી વધારાનો વિરોધ કરતા વ્યાપારી મંડળના પ્રતિનિધિઓ દ્વારા ૧૩૦ ઝાલોદ વિધાનસભા ધારાસભ્ય મહેશ ભૂરીયાને લેખિત રજૂઆત કરી વાંધો રજૂ કરેલ હતો. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ વ્યાપારીઓના વાંધાને સાંભળી ગુજરાત સરકારના મુખ્યમંત્રી ને મળી આ અંગે ઘટતું કરાવવા પૂરતા પ્રયાસ કરશે તેવી બાંહેધરી આપી હતી તેમજ નગરની આ સમસ્યાનું સમાધાન સત્વરે લાવવાનો પૂરતો પ્રયત્ન કરશે તેવું કહ્યું હતું. ઝાલોદ તાલુકા માંથી જંત્રી ન વધારવાની માંગ કલેક્ટર તેમજ મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆત કરી નકલ રવાના કરેલ છે.

**સુરતમાં દેશની સૌથી ઊંચી વહીવટી ઈમારત બની રહી છે**

# સુરતમાં સૌથી ઊંચી ઈમારત બનશે, ૨૮ માળનું ટ્વીન ટાવર બનશે

### રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓ એક જ સ્થળે કાર્યરત રહેશે નાગરિકોનો સમય બચશે

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરત શહેરમાં દેશની સૌથી ઊંચી વહીવટી ઈમારત બની રહી છે. જી ૨૭ માળના બે ટ્વીન ટાવર્સ ૩૫ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે. બિલ્ડીંગનું બાંધકામ ઝડપ થી પૂર્ણ થઈ રહ્યું હોવાના અહેવાલ છે. પીએમ મોદીએ પણ કેટલાક સૂચનો આપ્યા છે, જેમાં અમુક ફેરફારો કરાયા છે. આ પ્રોજેક્ટ ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના ધોરણો પર આધારિત છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓ એક જ સ્થળે કાર્યરત રહેશે. નાગરિકોનો સમય બચશે. આ ઈમારત ૧૦૭.૬ મીટર ઊંચી અને ૨૮ માળની હશે. સાથે ભૂકંપ પ્રૂફ અને સાયક્લોન પ્રૂફ ડિઝાઈન અને સિક્યોરિટી-CCTV સર્વેલન્સ રૂમથી સજ્જ રહેશે. હજેમાં બે ટ્વીન ટાવરો હશે, જે શહેરના વિકાસ અને વહીવટી ક્ષમતામાં સુધારો લાવવામાં મદદરૂપ રહેશે. આ ટ્વીન ટાવર સંપૂર્ણ રીતે ગ્રીન બિલ્ડિંગ છે, ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ ધોરણો અનુસાર ડિઝાઈન, STP ટ્રીટેડ પાણીનો પુનઃઉપયોગ કરીને ૩૫% પાણીની બચત, સોલર પેનલથી ૬-૭% વીજળીની બચત થશે. તમામ સરકારી કચેરીઓ એક જ સ્થળે લાવવાથી પ્રવેશદારી સરળતા અને પ્રશાસન કાર્યક્ષમતા વધશે.